# આત્મધર્મ

## વર્ષ ૨૧

## સળંગ અંક ૨૪૧

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Oct 2003 | First electronic version. |






| વર્ષ : ૨૧ | 卐 તંત્રી 卐<br>જગજીવન બાવચંદ દોશી | વીર સં. |
|---|---|---|
| અંક : ૧ | | ૨૪૯૦ |
| ૨૪૧ | | કારતક |




# વીતરાગી હિતોપદેશનાં અમીઝરણાં

ભાઈ જગતના કોઈ પદાર્થો કહેતા નથી કે તું અમારી સામે જો! જગતના કોઈ પદાર્થો એમ નથી કહેતા કે તું અમને અનુકૂળ સમજીને અમારા ઉપર રાગ કર! તેમ જ કોઈ પદાર્થો એમ નથી કહેતા કે તું અમને પ્રતિકૂળ સમજીને અમારા ઉપર દ્વેષ કર! જગતના પદાર્થો તો તેના સ્વરૂપમાં પરિણમ્યા કરે છે....તે આ જીવનું નથી તો કાંઈ ઇષ્ટ કરતા, કે નથી કાંઈ બગાડતા. ભાઈ! આમ જાણીને તું શિવબુદ્ધિને પામ...તું તારા જ્ઞાયકભાવપણે રહે! પરવસ્તુ તને ઇષ્ટ કે અનિષ્ટ નથી....માટે તેમાં રાગદ્વેષની બુદ્ધિ છોડ....ને જ્ઞાનને આત્મામાં જોડ!

ભાઈ! જગત જગતમાં...ને તું તારામાં, તારે ને જગતને શું લેવા દેવા!! જગતના જ્ઞેયો તો તારા જ્ઞાનથી બહાર જ રહે છે. જ્ઞેયો કાંઈ તારા જ્ઞાનમાં આવીને એમ નથી કહેતા કે તું અમારા ઉપર રાગદ્વેષ કર! માટે તું પણ તારા જ્ઞાનભાવથી જ રહે....પોતે પોતાના જ્ઞાનભાવમાં રહેવું તેમાં વીતરાગી–શાંતિ છે; એનું નામ શિવબુદ્ધિ છે, તે જ કલ્યાણકારી બુદ્ધિ છે, રાગદ્વેષ વગરનું જ્ઞાન છે તે અતીન્દ્રિયઆનંદથી ભરેલું છે.

અહા, સંતોનો કેવો વીતરાગી–હિતોપદેશ છે!! અંતરમાં વીતરાગી ચૈતન્યનું ઘોલન કરતાં કરતાં, ભવ્યજીવોના મહાભાગ્યે આવા વીતરાગી ઉપદેશનાં અમીઝરણાં સંતોએ વહેવડાવ્યા છે.....જરાક લક્ષમાં લ્યે તો કેટલી શાંતિ!! કેટલું સમાધાન!! ( ચર્ચામાંથી )

# ધન્ય....એ.....ધર્મપ્રાપ્તિનો સુઅવસર



**ભરતક્ષેત્રની આ ચોવીસીના આદ્ય તીર્થંકરને ધર્મપ્રાપ્તિનું રોમાંચકારી દૃશ્ય.**

પુરાણનો આ એક પરમપાવન પ્રસંગ છે....બે સંતોના પરમ અનુગ્રહ દ્વારા છએ જીવો સમ્યક્ત્વ પામી રહ્યા છે....સોનગઢ-જિન-મંદિરમાં એ દૃશ્ય જોતાં. અને પુરાણમાં એ પ્રસંગનું ભાવભીનું વર્ણન વાંચતાં આત્માર્થીના રોમે રોમે હર્ષોલ્લાસ જાગે છે....એ સમ્યક્ત્વ દાતારા ને એ સમ્યક્ત્વ લેનારા- બધાય પ્રત્યે ભક્તિથી હૃદય નમી પડે છે. ધન્ય...એ ધર્મપ્રાપ્તિનો સુઅવસર. ( આ પ્રસંગની આખીયે સચિત્રકથા યોગ્ય સમયે પ્રસિદ્ધ થશે. )





પૂ. ગુરુદેવની મંગલનિશ્રામાં આપણું ‘આત્મધર્મ’ માસિક આ અંકની સાથે પંચમયુગમાં પ્રવેશે છે,–વીસ વર્ષ પૂરાં કરીને એકવીસમા વર્ષનો પ્રારંભ કરે છે. ‘આત્મધર્મના વધુને વધુ વિકાસ અને પ્રચારને માટે અમે પ્રયત્નશીલ છીએ...ને તેના જ એક પગલાં તરીકે આ અંકથી ‘આત્મધર્મ’ની સાઈઝમાં ફેરફાર થઈ રહ્યો છે. આ સુંદર કદ સર્વે પાઠકોને જરૂર ગમશે. ‘આત્મધર્મ’માં બીજા અનેક ઉપયોગી વિભાગો પણ શરૂ કરવાની ભાવના છે–જે માટે પ્રયત્ન ચાલી રહ્યો છે.

‘આત્મધર્મ’નો ઉદ્દેશ છે–“આત્માર્થીતા, વાત્સલ્ય અને દેવગુરુધર્મની સેવા” સંતજ્ઞાનીજનો આત્માના અનુભવનો જે માર્ગ પરમ કરુણાથી ઉપદેશી રહ્યા છે તેને ઝીલીને અંતરપરિણમન કરવા–યોગ્ય **આત્માર્થીતા** પોષાય, સાધર્મીઓમાં પરસ્પર **વાત્સલ્ય** વિસ્તરે, અને આત્માર્થમાં અનન્ય સહાયક એવા દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે પરમ ઉલ્લાસ–ભક્તિ–અર્પણતા જાગે–એવા લક્ષપૂર્વક આ ‘આત્મધર્મ’નું સંચાલન થાય છે. આ નવા વર્ષના પ્રારંભમાં સમસ્ત વાચકવર્ગ તરફથી ગુરુદેવના ચરણોમાં નમસ્કાર કરીએ છીએ. આ જગતમાં સંતચરણનો કેટલો મહિમા છે તે સંબંધમાં ‘મંગલ તીર્થયાત્રા’ના છેલ્લા થોડાક વાક્યોનું સ્મરણ થતાં અહીં તેનું ઉદ્ધરણ કર્યું છે: “ સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમીને ભવસાગરથી તરી રહેલા જીવો તે સ્વયં ‘તીર્થ’ છે, ને એવા મંગલ–તીર્થસ્વરૂપ સંતના ચરણોમાં વસતો મુમુક્ષુ પોતાનું આખુંય જીવન જ યાત્રામય સમજે છે. અહા, જે સન્તોની ચરણરજે પહાડોને પૂજ્ય બનાવ્યા તે સન્તોના સાક્ષાત્ ચરણની શી વાત! સંતોમાં બધુંય સમાય છે, એના હૃદયમાં ભગવાન છે, એની વાણીમાં શાસ્ત્ર છે, એની કૃપાદૃષ્ટિમાં કલ્યાણ છે, ને જ્યાં એનાં ચરણ છે ત્યાં તીર્થ છે. આથી આરાધક જીવોના દર્શનને પણ તીર્થયાત્રા જ ગણવામાં આવી છે. આવા અપાર મહિમાવંત તીર્થસ્વરૂપ પૂ. ગુરુદેવ જેવા સંતચરણોની શીતલ છાયામાં નિશદિન રહીને આત્મહિત સાધીએ–એજ ભાવના.”

# દેહાતીત સિદ્ધપદની પ્રાપ્તિનો ઉપાય

( પ્રવચનસાર ગા ૧૬૦ ઉપરના પ્રવચનમાંથી વીર સં. ૨૪૮૯ આસો વદ અમાસ )



ભગવાન મહાવીર પરમાત્મા પાવાપુરીથી દેહાતીત સિદ્ધદશાને પામ્યા...એવી દેહાતીત દશાને પામતાં પહેલાં ભગવાને કેવો નિર્ણય કર્યો હતો ? તે અહીં બતાવ્યું છે. મારો આત્મા દેહાતીત છે, દેહ સાથે તેને કાંઈ જ સંબંધ નથી–એવી અંતરંગ ઓળખાણ કરે ત્યારે જ સાધકપણું ખીલે ને ત્યારે જ દેહાતીત દશાને પામેલા ભગવાનની ખરી ઓળખાણ થાય.

ભગવાન મહાવીર આજે અશરીરી સિદ્ધપદને પામ્યા....પૂર્ણાનંદ સિદ્ધપદ આજે પામ્યા....ઇન્દ્રોએ મોક્ષકલ્યાણક ઊજવ્યો....‘પ્રમોદ’–મોદ એટલે આનંદ, તેની પૂર્ણતારૂપ સિદ્ધપદ–મોક્ષપદ આજે ભગવાન પામ્યા....શરીરનો સંયોગ હતો તે પણ આજે છૂટી ગયો, ઉદયભાવ સર્વથા છૂટી ગયો ને સિદ્ધપદરૂપ પૂર્ણ ક્ષાયકભાવને પામ્યા. તે પહેલાં સાધકદશામાં કેવો નિર્ણય હતો ? તે પ્રવચનસાર ગાથા ૧૬૦માં કહે છે–

‘હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહિ;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહિ.’ (૧૬૦)

ભગવાન અશરીરીસિદ્ધપદ આજે પામ્યા તેથી આજે દેહથી ભિન્ન અશરીરી ભાવની આ ગાથા વંચાય છે.

સંવત ૧૯૭૮માં જ્યારે પહેલીવાર સમયસાર હાથમાં આવ્યું ને જોયું ત્યાં અંદર એમ થયું કે આ સમયસાર અશરીરીભાવ બતાવે છે. અહા! ભગવાન શ્રી કુંદકુંદઆચાર્યદેવે શ્રી સીમંધર ભગવાન પાસેથી તદ્દન અશરીરી ચૈતન્યભાવ બતાવ્યો છે. તદ્દન અશરીરી સિદ્ધપદ માટે પહેલાં તેનો નિર્ણય કરવો જોઈએ.

ધર્મી જાણે છે કે હું દેહથી અત્યંત ભિન્ન ચૈતન્યમય છું. મારો ચૈતન્યસ્વભાવ આ દેહ–મન–વાણીનો કર્તા નથી, કરાવનાર નથી અને અનુમોદનાર નથી. અહો! ભગવાન આજે અશરીરી થયા. ૨૪૮૯ વર્ષ પહેલાં થયા ને આજે ૨૪૯૦મું વર્ષ બેઠું. પાવાપુરીથી સમશ્રેણીએ સિદ્ધપદમાં ભગવાન બિરાજે છે. જ્યાંથી દેહ છૂટે તેની બરાબર ઉપર, સીધી શ્રેણીએ લોકાગ્રે ભગવાન બિરાજે છે. સમ્મેદશિખર ઉપરથી અનંતા ભગવંતો મોક્ષ પામ્યા છે તેઓ ત્યાં જ ઉપર સાદિઅનંતકાળ બિરાજશે. તેમના સ્મરણ માટે તીર્થસ્થાનો છે. અશરીરી પૂર્ણ જ્ઞાનઘન આત્મા એક સમયમાં સ્વાભાવિક ઊર્ધ્વગતિથી લોકાગ્રે પહોંચીને અનંતકાળ સુધી ત્યાં બિરાજે છે. સંસાર કરતાં સિદ્ધદશા અનંતગુણી છે. સંસારદશા અનંતમા ભાગે હતી–પણ તેમાં એકસ્થાન ન હતું, ચારગતિમાં ભ્રમણ હતું. ને આ સાદિ અનંત પરમાત્મસિદ્ધપદ પ્રગટયું....ત્યાં તેનું સ્થાન પણ અચળ થઈ ગયું. ભાવ પૂરો થયો ને સ્થાન અચળ થયું. ક્ષેત્રથી તે ચલાયમાન નથી, તેમજ કાળથી પણ હવે કદી તેનો અંત નથી. ભાવથી પણ પૂરું છે. અહો! આવું સિદ્ધપદ શરીર સાથે સર્વથા સંબંધ વગરનું–અશરીરી–પૂર્ણાનંદ ભરેલું, તેને ભગવાન આજે પામ્યા.

પહેલાં સાધકદશામાં ભગવાન શરીર, મન, વાણી આદિને ભિન્નસ્વરૂપે સમજતા હતા. હું તો ચૈતન્યપિંડ છું ને આ શરીર તો પુદ્ગલપિંડ છે, તે પરદ્રવ્ય છે. હું શરીર–મન–વાણીને પરદ્રવ્ય સમજાુ છું–તેથી મને તેનો પક્ષપાત નથી. મારું તેમાં જરાયે કર્તાપણું નથી. મારો તેનામાં જરાય અધિકાર નથી. જેને પોતાનું કર્તવ્ય માને તેમાં પક્ષપાત થયા વિના રહે નહીં. પણ દેહાદિમાં મારું કર્તવ્ય છે જ નહીં, એટલે તેમાં મારું જરાય હિતઅહિત નથી, તેથી હું તેના પ્રત્યે તદ્દન મધ્યસ્થ છું. તદ્દન અકર્તા છું. વચન નીકળે, શરીર ચાલે તેનો આધાર હું નથી. એ અચેતનનો આધાર અચેતન છે.–આવા ભિન્ન ચૈતન્યના ભાનપૂર્વક ભગવાને મોક્ષદશા સાધી. આવો નિર્ણય કરે તેણે ભગવાનની ઓળખાણ કરી કહેવાય. આવો નિર્ણય કરવો તે મૂળ મંગલ મહોત્સવ છે.

જાુઓ, આ અશરીરી–સિદ્ધપદનો મહોત્સવ! આ ખરી દિવાળી!

અશરીરી થવું હોય, કલેવરથી રહિત થવું હોય–તેણે શરીરથી અત્યંત ભિન્નતાનો નિર્ણય કરીને તેના કર્તૃત્વની બુદ્ધિ છોડવી જોઈએ. કર્તૃત્વબુદ્ધિ છૂટયા વગર મધ્યસ્થતા થાય નહિ, ને મધ્યસ્થતા વગર વીતરાગતા થાય નહિ. મારું સ્વરૂપ પુદ્ગલની ક્રિયાનો આધાર નથી. મારું સ્વરૂપ તો મારા અનંત જ્ઞાનાદિનો જ આધાર છે ને શરીરાદિની ક્રિયાનો આધાર પુદ્ગલ જ છે. મારા વગર જ તેનાં કાર્યો સ્વયં થાય છે. ભગવાનનો આત્મા આજે શરીરરહિત અતીન્દ્રિય થયો, તેમ દરેક આત્મા અશરીરી ચિદાનંદ સ્વરૂપ જ છે. અત્યારે પણ આત્મા એવો જ છે. આચાર્યદેવ કહે છે કે અરે જીવો! તમે આવા આત્માને શ્રદ્ધામાં લ્યો....શરીર તો પુદ્ગલનું ઢીંગલું છે, તે તો આજે સુંદર હોય ને કાલ સડી જાય....એમાં આત્માનો જરાય અધિકાર નથી. આત્મા ધ્યાન રાખે તો સારૂં રહે ને આત્મા ધ્યાન ન રાખે તો બગડી જાય એવો સંબંધ જરાય નથી. અહો! આત્મા અશરીરી; તે શરીરનો આધાર નથી. આવા આત્માને જાણતા ધર્માત્માને શરીરાદિનો પક્ષપાત નથી. અત્યંત મધ્યસ્થતા છે. આત્મા શરીરનું સાધન નથી ને શરીર આત્માના ધર્મનું સાધન નથી. આત્મા કર્તા કે સાધન થયા વગર જ શરીરાદિ પુદ્ગલો પોતાના કાર્યોરૂપે સ્વયમેવ પરિણમે છે. આવી ભિન્નતાના ભાન વગર અશરીરી સિદ્ધપદની ખરી ઓળખાય થાય નહીં. ભગવાન આત્મા અશરીરી છે, અતીન્દ્રિય છે, તેના નિર્ણય વગર અશરીરી પદની સાધકદશા થાય નહિ. શરીર કે ઈન્દ્રિયોને મદદરૂપ માને, આત્મા તેના કાર્યનો કર્તા–કારણ કે આધાર છે એમ માને, તો તેણે અશરીરી આત્માને જાણ્યો નથી, ને અશરીરી સિદ્ધપદને પણ ઓળખ્યું નથી. આખી જીંદગી દેહના કાર્ય પોતાના માનીને વીતાવી, પણ હવે સમજ્યા ત્યાંથી સવાર! એટલે જ્યાં દેહાદિથી ભિન્ન આત્માની સમ્યક્ ઓળખાણ થઈ ત્યાં ભેદજ્ઞાનરૂપી સુપ્રભાત ઊગ્યું. અરે જીવો! તમારો આત્મા આ એકક્ષેત્રે રહેલા શરીરના કાર્યમાં પણ કારણપણે નથી, તો પછી બીજાની શી વાત! દેહમંદિરમાં બિરાજમાન ભગવાન આત્મા અશરીરી છે, તે દેહનો પણ આધાર નથી ત્યાં બહારના પદાર્થોની શી વાત! ક્યાંય તારું કર્તાપણું નથી. માટે તું તેનો પક્ષપાત છોડી દે. આ વીતરાગતાનો માર્ગ છે....આ સિદ્ધપદનો પંથ છે.

જુઓ....આ વીતરાગતાનો માર્ગ! આ પરમાત્માના પંથ, ને આ સિદ્ધપદને સાધવાના રસ્તા. મહાવીર ભગવાન આવા માર્ગે મોક્ષ પામ્યા ને આવો જ માર્ગ તેમણે વિપુલાચલ પર દિવ્યધ્વનિ વડે બતાવ્યો હતો.

ભાઈ, તારો અદ્રશ્ય આત્મા, તે આ દ્રશ્યમાન દેહનું કારણ કેમ થાય? તારો ચિદાનંદ આત્મા તે આ જડ પુદ્ગલનો પક્ષપાતી (કર્તા) કેમ થાય? માટે તેના કારણપણાનો પક્ષપાત છોડીને અશરીરી ચિદાનંદ આત્મા તરફ પરિણતિને અંતરમાં વાળ.

આ દિવાળીના મંગળ દિવસોમાં આખી વાત સમજીને પરિણતિને અંતરમાં વાળવી તે ખરી દિવાળી છે, તેમાં સમ્યગ્જ્ઞાનના ખરા દીવડા પ્રગટે છે, તે મંગળ છે.


# પ્ર....થ....મ દ....ર્શ....ન

**( સં. ૨૦૧૩ ફાગણ સુદ પાંચમ )**

અહા, ભરતક્ષેત્રના આ તીર્થાધિરાજ ચાલીસ ચાલીસ માઈલ દૂરથી દર્શન આપીને ભવ્ય જીવોને આકર્ષી રહ્યા છે. ગયાશહેરથી પ્રસ્થાન કરીને ૧૨૧ માઈલ દૂર શિખરજીધામ તરફ ગુરુદેવ પધારી રહ્યા છે. ઘણા ઘણા દિવસોથી જેની રાહ જોતા હતા તે પાવન તીર્થધામમાં પહોંચવા માટેનો આજનો પ્રવાસ ઘણો પ્રસન્નકારી હતો. બસ, હવે ઇષ્ટધામમાં પહોંચવાનું છે....એવા ઇષ્ટ પ્રત્યેના ગુરુદેવના પ્રમોદને લીધે કલ્યાણવર્ષિણી–મોટર પણ આજે તો વધુ ઝડપે દોડતી હતી. ગુરુદેવના અંતરમાં મોક્ષમાર્ગી તીર્થંકરો અને સંતોના સ્મરણો ઘૂમતા હતા ને બહારમાં તેમના નયનો શિખરજી તરફ મીટ માંડી રહ્યા હતા; હમણાં શિખરજી દેખાશે....હમણાં દેખાશે! કેવા હશે એ ધામ!!–એવા રટણપૂર્વક ગુરુદેવ અવારનવાર પૂછતા કે શિખરજી દેખાય છે? ઘડીકમાં આંખો મીંચીને ગુરુદેવ શિખરજી ધામ ઉપર વિચરેલા સાધક સન્તોનાં ટોળાંને અંતરમાં નીહાળતાં, ઘડીકમાં જાણે શિખરજી ઉપરથી સન્તોના સાદ સંભળાતા હોય–એમ દૂર દૂર નજર લંબાવીને નીહાળતા.–એવામાં ૩૦–૪૦ માઈલ દૂરથી સમ્મેદશિખર–સિદ્ધિધામનાં દર્શન થતાં ગુરુદેવનું હૈયું પ્રસન્નતાથી નાચી ઊઠયું.

અહા, એ સિદ્ધિધામનાં પ્રથમ દર્શનની ઉર્મિઓની શી વાત! જેમ ચંદ્ર દૂર રહીને પણ દરિયાને આનંદથી ઉછાળે છે ને પોતાની તરફ ખેંચે છે, તેમ સમ્મેદશિખરજી ધામ હજી દૂર હોવા છતાં પણ ભક્તહૃદયોમાં આનંદના તરંગ ઉછળતા થકા તેઓને પોતાની તરફ ખેંચી રહ્યા છે;....અથવા તો, સિદ્ધાલયવાસી સિદ્ધભગવંતો જાણે કે સાધકોનાં હૃદયને સિદ્ધપદ તરફ ઉલ્લસાવતા હોય!–એવી સરસ ઉર્મિઓ જાગતી હતી. દૂરદૂરનું દર્શન પણ ગુરુદેવના હૃદયમાં આનંદ ઉપજાવતું હતું, જેમ થોડીક દૂર રહેલી મુક્તિનું દર્શન પણ મોક્ષાર્થીને આનંદ ઉપજાવે છે તેમ. અહો, ભેટયા....ભેટયા આજે સિદ્ધિધામ! સમ્યગ્દર્શન થાય ને નિર્વિકલ્પધ્યાનમાં સિદ્ધપદનો પોતાના અંતરમાં જ ભેટો થતાં જે આનંદ

અનુભવાય, તે ઝટ વ્યક્ત નથી થતો પણ ધર્માત્માના હૃદયની ગંભીરતામાં જ સમાઈ રહે છે, તેમ જીવનમાં શિખરજીના પ્રથમ દર્શને ઉલ્લસતી કોઈ અકથ્ય આનંદની ઉર્મિઓ થોડીવાર વાણીને બંધ કરી દે છે, ને હૃદયની ગંભીરતામાં જ તે ઉર્મિઓ સમાઈ જાય છે. અહા, કેવું અદ્ભુત એ દર્શન!



ગુરુદેવ તો પારસનાથ–ટૂંક ઉપર મીટ માંડીને નીહાળી જ રહ્યા; પારસટૂંકના ધ્યેયે પંથ તો ઝડપભેર કપાતો જતો હતો–જેમ સિદ્ધપદના ધ્યેયે ચિદાનંદસ્વભાવમાં મીટ માંડતા સાધકનો પંથ ઝડપભેર ખૂટી જાય છે તેમ. માતાને દેખીને જેમ બાળક તેને ભેટવા દોડે તેમ મોટરો શિખરજીને ભેટવા દોડી રહી છે. હવે ગુરુદેવની મોટર ૧૬ માઈલ લાંબી ઘાટી ઝાડી વચ્ચેથી પસાર થઈ રહી છે. વનનાં વૃક્ષો પણ અનેરા પ્રકારે ખીલી ઊઠયા છે, જાણે કે એ વૃક્ષ વનવાસી સાધક સન્તોને તાપથી રક્ષવા માટે મધુરી છાયા પાથરીને તેમની સેવા કરી રહ્યા છે. રમણીય પહાડો ને ગીચ ઝાડીઓ વચ્ચેથી મોટરો પસાર થતી ત્યારે ન તો આકાશ દેખાય, કે ન જમીન દેખાય; માત્ર ઝાડના ઉપલા ભાગો દેખાય, નીચેના ભાગ ન દેખાય....જાણે દુનિયાના વાતાવરણથી દૂર દૂર કોઈ ગંભીર–અગમ્ય ઊંડાણમાં ઊતર્યા હોઈએ! વનરાજીની છાયાથી છવાયેલો ૧૬ માઈલનો આ રસ્તો એવો મનોહર છે–જાણે

ઉપશમભાવની છાયા પથરાયેલી હોય. વિધવિધ રંગના પુષ્પોથી શોભતી વનરાજી પણ, જાણે રત્નત્રયનાં ફળ આપવાની તૈયારી કરતી હોય–તેમ બહુ સુશોભિત અને પ્રફૂલ્લ છે. આવા પ્રસન્ન અને પ્રશાંત વાતાવરણમાં અનંતા સાધકોની સાધનાભૂમિને નીહાળતાં યાત્રિકનું હૃદય પણ પ્રસન્ન અને પ્રશાંત થઈને સાધનાના વિચારોના હિલોળે ચડે છે. સિદ્ધિધામની છાયામાં આવ્યા એટલે તો બસ! જાણે સિદ્ધભગવંતોની નજીક આવ્યા....ને હવે અનંત સિદ્ધોની વસ્તીમાં જવાની તૈયારી થઈ. અહા, આવો સમ્મેદશિખરજીની આસપાસનો વૈભવ જોતાં શિખરજી તીર્થનો ખૂબ–ખૂબ મહિમા આવતો હતો. શિખરજી એટલે જાણે સિદ્ધભગવાન અને આ બધા આસપાસના નાના પહાડો તે જાણે કે સિદ્ધિના સાધક મુનિવરો; સિદ્ધભગવાનની આસપાસ જાણે કે મુનિઓના ટોળાં વીંટાઈને બેઠા હોય! એમ શિખરજી પર્વતની આસપાસ અનેક નાના પર્વતો વીંટાયેલા છે; અને જેમ સાધક જીવો સિદ્ધભગવાનની મહત્તાને પ્રસિદ્ધ કરે, તેમ એ નાના પર્વતો મોટા શિખરજી ધામની મહત્તાને પ્રસિદ્ધ કરી રહ્યા છે. અને સૌથી ઊંચી સુવર્ણભદ્ર ટૂંક તો જાણે પોકાર કરી રહી છે કે 'આવો....રે....આવો....આ રહ્યું ભારતનું શાશ્વત સિદ્ધિધામ! એને નિહાળીને શિખરજીધામને ભેટવાની ખૂબ તાલાવેલી જાગે છે. જેમ મુનિની પરિણતિ મોક્ષ તરફ દોડે તેમ 'કલ્યાણવર્ષિણી' મોક્ષધામ તરફ દોડી રહી છે, અને શિખરજીને નજરે દેખ્યા પછી તો તે એવી દોડી....એવી દોડી....કે જેવી ક્ષપકશ્રેણીમાં મુનિની પરિણતિ કેવળજ્ઞાન તરફ દોડે. જેમ જેમ નજીકથી સિદ્ધિધામનાં સ્પષ્ટ દર્શન થાય છે તેમ તેમ ગુરુદેવનું હૃદય આનંદથી ઊછળે છે. બોલ્યા વગર પણ તેમની મુદ્રામાંથી પ્રસન્નતાના એવા ભાવો ઊઠે છે કે અહા મારા વહાલા નાથનો આજે ભેટો થયો....ધન્ય ઘડી! ધન્ય જીવન!

("મંગલ તીર્થયાત્રા" પુસ્તકનું એક પ્રકરણ: પૃ. ૩૦૬–૩૦૮)

* * *

આરાધક ધર્માત્માના દર્શનથી મુમુક્ષુના હૃદયમાં જેવી આનંદની ઉર્મિ જાગે છે તેવી કોઈ પણ પદાર્થમાં જાગતી નથી.

ધર્મીને જોતાં એમ થાય કે વાહ! ધન્ય ધન્ય તારો અવતાર! અતીન્દ્રિય આત્માને તેં સ્વાનુભવમાં લીધો છે....અહો, પરમેશ્વરના માર્ગમાં તમે ભળ્યા છો.

# ઇન્દ્રિયાતીત આત્મા

## 卐 કોઠારી દેવશીભાઈના મકાનમાં પૂ. ગુરુદેવનું પ્રવચન 卐

## આસો સુદ ૭ ( પ્રવચનસાર ગા. ૧૭૨ )

દેહાદિથી અત્યંત ભિન્ન આત્માનું સ્વલક્ષણ શું છે? કયા અસાધારણ લક્ષણ વડે તે દેહાદિથી ભિન્ન ઓળખાય છે? તેનું સ્વરૂપ આ ૧૭૨મી ગાથામાં બતાવ્યું છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા અલિંગગ્રાહ્ય છે; આત્મા અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ છે. તે ઇન્દ્રિયથી જાણનાર નથી. પરસન્મુખી ઇન્દ્રિયજ્ઞાન તે ખરેખર આત્મા નથી, તેના વડે આત્માની શાંતિ પ્રાપ્ત થતી નથી યથાર્થ આત્મા તેના વડે અનુભવાતો નથી. માટે ઇન્દ્રિયજ્ઞાનને આત્મા કહેવો તે યથાર્થ આત્મા નથી, તે વ્યવહાર આત્મા છે. પરમાર્થ આત્મા તેને કહેવાય કે જે અતીન્દ્રિયજ્ઞાનવડે જાણે. અતીન્દ્રિય આત્મા અનુભવમાં આવે તે સમ્યગ્દર્શનનો વિષય છે. દેહાદિની ક્રિયા તો દૂર રહી, રાગાદિ પણ બહાર રહ્યા, ને પર તરફ ઝૂકતું જ્ઞાન તે પણ ખરેખર આત્માનું પરમાર્થસ્વરૂપ નથી. ઇન્દ્રિયજ્ઞાન જેટલો જ આત્મા લક્ષમાં લ્યે તો આત્માનું ખરું લક્ષણ ઓળખાતું નથી. અનંતગુણધામ ભગવાન આત્મા પરિપૂર્ણ છે તે જ ખરૂં સ્વજ્ઞેય છે, એવા સ્વજ્ઞેયની પ્રતીત તે સમ્યક્ત્વ છે. ઇન્દ્રિયના અવલંબને વિચારધારાથી ક્ષયોપશમ થયો–તે જ્ઞાનને આત્મા કહેતા નથી. એનાથી તો પુણ્યબંધ થઈને સ્વર્ગની ગતિ મળે. આત્માનો સ્વભાવ તેને ન કહેવાય. આત્માના સ્વભાવથી પુણ્ય ન બંધાય; આત્માના સ્વભાવથી સંસારની કોઈ ગતિ ન મળે.

શુભભાવથી આત્માને લાભ માને તે શુભને જ આત્મા માને છે, શુભરાગથી ભિન્ન પરમાર્થ આત્માને તે નથી જાણતો. ઇન્દ્રિથી જ્ઞાન થવાનું માને તે ઇન્દ્રિયોને જ આત્મા માને છે, તે અતીન્દ્રિય આત્માને નથી જાણતો. મારો આત્મા ઇન્દ્રિયાતીત છે–એમ પોતાની જેને ખબર નથી તેને બીજા જ્ઞાની વગેરેની પણ ખબર પડે નહિ. સ્વસંવેદનથી પોતાના અતીન્દ્રિય આત્માને જાણે તેને બીજાની (ભગવાનની કે જ્ઞાનીની) ખબર પડે. ગમે તેટલા શાસ્ત્રો ભણ્યો પણ જેણે નિશ્ચયઆત્મા ન જાણ્યો, અતીન્દ્રિય આત્મા ન જાણ્યો, તેનું બધું જાણપણું આત્માના હિતને માટે કામ આવતું નથી. ભલે શાસ્ત્રભણતર થોડું હોય

પણ મૂળ વસ્તુને જો અતીન્દ્રિય સ્વસંવેદનથી પકડે તો તેમાં બધાય શાસ્ત્રોનો સાર આવી જાય છે. નિરપેક્ષ જ્ઞાનવાળો આત્મા છે, તેને ઈન્દ્રિયોની અપેક્ષા નથી, મનની અપેક્ષા નથી, રાગની અપેક્ષા નથી. પ્રભો! તારું જ્ઞાન તે પરની ઓશીયાળવાળું હોય? શું તારો આત્મા પંગુ છે કે તેના જ્ઞાનને પરની ઓશીયાળ હોય? નહિ; સ્વાધીનજ્ઞાનસ્વભાવવાળો આત્મા છે, તેના જ્ઞાનને પરની ઓશીયાળ નથી; પરનું અવલંબન તે શરમ છે, તેમ જ્ઞાનમૂર્તિ આત્માને જ્ઞાન કરવા માટે જડનો ટેકો લેવો પડે તે શરમ છે. સ્વભાવનું ધામ છે તેને પરાવલંબનનું કામ નથી. ચૈતન્યધામ આત્મા, તેમાં વળી પરનું અવલંબન શું? જે પોતે જ જ્ઞાન છે તે અતીન્દ્રિયપણે જાણવાના સામર્થ્યવાળો છે. આવો અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવી આત્મા છે. આવા આત્માને લક્ષમાં લ્યે તો બહારનાં જાણપણાના ગર્વ ઊડી જાય. બહારનો મહિમા છૂટે ત્યારે આ અતીન્દ્રિયવસ્તુ હાથમાં આવશે. ભાઈ, આત્મારૂપ થઈને આત્માને જો. ઇન્દ્રિયરૂપ થઈને આત્મા નથી જોવાતો. એકવાર ઇન્દ્રિયાતીત થઈને સ્વસન્મુખ થા....એટલે અતીન્દ્રિયજ્ઞાનરૂપ થા....અતીન્દ્રિયજ્ઞાનરૂપ થઈને આત્મા જણાય છે. "હું ઇન્દ્રિય વડે જાણનાર છું" એમ માને તો આત્માનું પરમાર્થસ્વરૂપ ન પકડાય. 'અતીન્દ્રિયજ્ઞાનવડે હું જાણનાર છું' એમ ઓળખે તો પરમાર્થસ્વરૂપ આત્મા જણાય.

જંગલમાં વસતા ને આત્માના આનંદમાં ઝૂલતા સંતોએ સ્વાનુભવમાં ભગવાન સાથે વાતું કરતાં કરતાં આ વાત લખી છે. અહો, આ પંચમકાળે આવા મુનિઓ પાકયા!! અત્યારે તો એનાં દર્શન પણ દુર્લભ છે. અહો, એ સંત–મહંતના ચરણમાં ભાવનમસ્કાર છે. વાહ! એની અંતર દશા!! પંચપરમેષ્ઠીમાં જેનું સ્થાન છે. કુંદકુંદભગવાન આ ભરતક્ષેત્રમાં વિચરતા હશે–એ તો જાણે ચાલતા સિદ્ધ! જેનાં દર્શનથી મોક્ષતત્ત્વ પ્રતીતમાં આવી જાય. તેમણે કહેલો આ એકજ રસ્તો સંસારથી બહાર નીકળવાનો છે, બીજો રસ્તો નથી.

સીમંધરભગવાન સર્વજ્ઞપદે વિદેહક્ષેત્રમાં બિરાજે છે....ત્રણકાળની સમયસમયની વાત તેમના જ્ઞાનમાં વર્તી રહી છે....ભરતક્ષેત્રમાં આમ બની રહ્યું છે, આમ બનશે–એ બધું તેમના જ્ઞાનમાં સાક્ષાત્ વર્તી રહ્યું છે, પણ તેમને કોઈ વિકલ્પ નથી; તેઓ તો નિજાનંદમાં લીન છે. આત્મા તો આનંદનું મંદિર છે, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિયઆનંદનું ધામ આત્મા છે.

આવો અતીન્દ્રિયઆત્મા જેમ પોતે ઇન્દ્રિયથી જાણવાના સ્વભાવવાળો નથી, તેમ તે ઇન્દ્રિયજ્ઞાનવડે જણાય તેવો પણ નથી. અતીન્દ્રિય આત્મા તો અતીન્દ્રિયજ્ઞાન વડે જ જણાય એવો છે. આવો આત્મા તે જ આદરણીય છે. વચ્ચે તે વખતે વ્યવહારજ્ઞાન હો ભલે, પણ તે કાંઈ આદરણીય નથી, આદરણીય તો એક પરમાર્થસ્વભાવ જ છે.

# અતીન્દ્રિય આત્મા કઈ રીતે ગ્રહાય ?

**શ્રી પ્રવચનસારની ૧૭૨મી ગાથામાં ૨૦ બોલ દ્વારા અલિંગગ્રાહ્ય આત્માનું અદ્ભુત વિવેચન કર્યું છે. તેના ઉપર પૂ. ગુરુદેવે ચોથા કાળના વિરલ વૈભવ જેવા જે પ્રવચનો કર્યા તેમાંથી દોહન કરીને અહીં રજુ કરતાં હર્ષ થાય છે. જો કે આ સંક્ષિપ્ત દોહનમાં બધોય સાર તો ન જ આવી શકે, છતાં તેનો થોડોક નમુનો પણ જિજ્ઞાસુઓને આનંદિત કરશે.**

પ્રવચનસારમાં જ્ઞેયતત્ત્વોનું વર્ણન કરતાં આચાર્યદેવે એમ બતાવ્યું કે ચૈતન્યમૂર્તિ આત્મા પુદ્ગલાદિ પરદ્રવ્યોથી તદ્ન જુદો છે, અને તેને તે પુદ્ગલમય શરીરાદિનું કર્તાપણું હોવામાં **સર્વથા વિરોધ** છે. એ પ્રમાણે શરીરાદિથી અત્યંત ભિન્નપણું કહ્યું, ત્યારે જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન ઊઠયો કે પ્રભો! તો પછી જીવનું પોતાનું અસાધારણ લક્ષણ શું છે–કે જે સાધનવડે પોતાના આત્માને સર્વ પરદ્રવ્યોથી જુદો અનુભવી શકાય ?

ખરેખરા જિજ્ઞાસુ જીવનો આ પ્રશ્ન છે. તેના ઉત્તરમાં આચાર્યદેવે આ ૧૭૨મી ગાથામાં અલૌકિક રીતે આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. આચાર્યદેવ કહે છે કે હે શિષ્ય! આત્માને તું ચેતનાગુણમય અલિંગગ્રહણ જાણ. તે ‘ અલિંગગ્રહણ ’ના ૨૦ અર્થો કરીને અમૃતચંદ્રાચાર્યદેવે અદ્ભુત રહસ્યો ખોલ્યાં છે. તેના પહેલા બોલમાં કહે છે કે–આત્મા અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ છે; ઇન્દ્રિયો તો પરદ્રવ્ય છે, તેના વડે જાણવાનું કામ આત્મા કરતો નથી. આત્મા પોતે ઉપયોગસ્વરૂપ છે. અતીન્દ્રિયજ્ઞાનથી જોવાનો તેનો સ્વભાવ છે. જાણનાર આત્મા શું પરના સ્વભાવથી જાણે ? ના. એકલું અતીન્દ્રિયજ્ઞાન એટલે કે એકલું પર તરફ ઝૂકેલું જ્ઞાન તેને આચાર્યદેવ ‘ આત્મા ’ કહેતા નથી.

ઇન્દ્રિયોથી ને શરીરથી અત્યંત ભિન્નપણું ખરેખર ક્યારે જાણ્યું કહેવાય!–કે ઉપયોગને ઇન્દ્રિયોથી પાછો વાળીને અતીન્દ્રિયસ્વભાવમાં લઈ જાય ત્યારે. પણ 'હું ઇન્દ્રિયોથી જાણનાર છું' એમ જે માને તેણે ખરેખર આત્માને ઇન્દ્રિયોથી જુદો જાણ્યો જ નથી. દેહાદિથી અત્યંત ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રાપ્તિ જ્યાંસુધી ન થાય ત્યાંસુધી જીવને સુખ–શાંતિની પ્રાપ્તિ ન થાય. આત્મપ્રાપ્તિ વગર ભલે મોટો ધનવાન હો કે નિર્ધન હો, રાજા હો કે ત્યાગી હો, તે બધાય જીવો એકલા દુઃખી જ છે.

આત્મા કેવો છે?–જ્ઞાયક છે, જાણનાર છે; ને ઇન્દ્રિયો તો જડ છે, તે જડ ઇન્દ્રિયોવડે જ્ઞાયકતત્ત્વની પ્રાપ્તિ કેમ થાય?–ન જ થાય. જ્ઞાયક પોતે જ જાણનાર છે. તે જાણનારો કાંઈ ઇન્દ્રિયો વડે જાણતો નથી. તેના મતિ–શ્રુતજ્ઞાન પણ અતીન્દ્રિયસ્વભાવના આશ્રયે જ કામ કરે છે. ચૈતન્યની જાત ચૈતન્યના અવલંબને પ્રગટે, પણ જડના અવલંબને ચૈતન્યજાત પ્રગટે નહીં.

કુંદકુંદાચાર્યદેવ આદેશ કરીને કહે છે કે 'जाण अलिंगग्गहणं'–એટલે હે શિષ્ય! આવા અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપી આત્માને તું જાણ!–આચાર્યદેવે આત્માને જાણવાનો આદેશ કર્યો તે એમ બતાવે છે કે તે આદેશ ઝીલનારા પણ છે. ચૈતન્યસ્વભાવ તરફ ઝૂકાવ કેમ કરવો, તેની પ્રાપ્તિ કરીને જન્મ–મરણનો ફેરો કેમ ટાળવો, તેની રીત આચાર્યદેવ બતાવે છે.

ચૈતન્યને ચૂકીને એકલા પરના અવલંબને જે જ્ઞાન જાણે તે ખરેખર આત્મા નથી, તેણે આત્મા સાથે એકતા કરી નથી. ઇન્દ્રિયો સાથેનો સંબંધ તોડીને, અંતર્મુખ થઈને આત્મા સાથે એકતા કરીને જે જાણે એવું અતીન્દ્રિયજ્ઞાન તે જ ખરેખર આત્મા છે.

અહા, મારો આત્મા અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ છે. આમ જે ખરેખર જાણે તેને ઇન્દ્રિયજ્ઞાનના બહારના જાણપણાના કે શાસ્ત્રની ધારણાના અભિમાન ઊડી જાય. ઇન્દ્રિયજ્ઞાન કે શાસ્ત્રના જાણપણામાં જ મહત્તા માનીને ત્યાં જે અટકી જાય તે અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપી આત્માને ક્યાંથી જાણશે? તેણે તો ઇન્દ્રિયજ્ઞાનને જ આત્મા માની લીધો છે. ચૈતન્યની 'અગાધગતિ' છે, એટલે પુણ્ય–પાપથી કે મન ઇન્દ્રિયોથી પાર એવું અગાધ અતીન્દ્રિયસ્વરૂપ છે. શુભાશુભની ગતિ તો ચૈતન્યથી બહાર છે અને તેનું ફળ ચાર ગતિ છે. અંતરના ચૈતન્યની ગતિ એનાથી ન્યારી છે. ચૈતન્યથી બહાર નીકળીને જે કોઈ ભાવ થાય તેનાથી કદાચ પુણ્ય બંધાય, તોપણ તેનાથી જન્મમરણનો ફેરો મળે, જન્મમરણનો ફેરો ટળે નહિ.

જુઓ ભાઈ! જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેને તે ક્યાંથી આવે ને કઈ રીતે આવે તેની આ વાત છે. જેમાં પૂર્ણ સ્વભાવસંપદા પડી છે તેમાં નજર નાખ. બહારના વેગને પાછો વાળ્યા વિના અંતરનાં વહેણ પ્રગટે નહિ. અરે જીવ! લપસણી લીલફૂગ જેવો આ સંસાર તેમાં તું અશરણપણે ઝાવાં નાખી રહ્યો છે; ધ્રુવશરણ તો આત્મા છે, ભાઈ! ચૈતન્યરસથી ભરેલો તારો આત્મા જ તારું શરણ છે, તેમાં નજર નાખ તો અતીન્દ્રિય આનંદના અનુભવ સહિત સમ્યગ્દર્શનાદિ થાય.

આચાર્યદેવ આત્માનું અસાધારણ સ્વરૂપ ઓળખાવે છે કે જેને જાણવાથી સમ્યગ્દર્શનાદિ થાય ને જન્મમરણ ટળે. 'અલિંગગ્રહણ'ના વીસ બોલથી અદ્‌ભુત વર્ણન કર્યું છે, તેમાંથી કોઈપણ બોલ સમજીને આત્માને પકડે તો તેમાં બાકીના બધા બોલ પણ સમાઈ જાય છે.

બીજા બોલમાં આચાર્યદેવ કહે છે કે અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ આત્મા ઇન્દ્રિયોવડે જાણી શકાય તેવો નથી. ઇન્દ્રિયો તો પરદ્રવ્ય છે, તે પરદ્રવ્યના ગ્રહણવડે આત્માનું ગ્રહણ કેમ થાય? ન જ થાય. ઇન્દ્રિયોથી પર થઈને, ચિદાનંદ સ્વભાવમાં અંતર્મુખ થા, તો આત્મા જણાય. સ્વસન્મુખ થઈને આત્માનું સ્વસંવેદન કરનારા મતિશ્રુત જ્ઞાનમાં પણ ઇન્દ્રિયોનું અવલંબન છૂટી ગયું છે, ને અતીન્દ્રિય સ્વભાવનું અવલંબન થયું છે.

આ કુંદકુંદ ભગવાનની વાણી છે,–જેમને આ પંચમકાળમાં સાક્ષાત્ તીર્થંકર સીમંધરનાથનો ભેટો થયો. અહો, આ પંચમકાળે ભરતક્ષેત્રના જીવને બીજા ક્ષેત્રના તીર્થંકરનો સદેહે સાક્ષાત્ ભેટો થાય–એ કેવી પાત્રતા! ને ભરતક્ષેત્રના જીવોનાં પણ કેવા ભાગ્ય!! ચૈતન્યનો મહિમા ઘૂંટતા ઘૂંટતા યથાર્થ નિર્ણય લઈને સ્વસંવેદનમાં એમ આવે કે ' અહો, મારી વસ્તુ જ પરિપૂર્ણ છે' ત્યારે તે જીવ પૂર્ણતાને પંથે ચડયો...તેને પોતામાં પરમાત્માનો ભેટો થયો ને તે વીર થઈને વીરના માર્ગે વળ્યો. આ છે મહાવીરનો સન્દેશ. તે સંતોએ ઝીલ્યો ને અંતરમાં સાધ્યો.

ભાઈ, બહારનું બધું એકવાર ભૂલી જા, ઇન્દ્રિયજ્ઞાનને પણ ભૂલી જા, ને તારા જ્ઞાનને અંતર્મુખ કર તો તારો આત્મા સ્વજ્ઞેય થાય. આ રીતે આત્માને સ્વજ્ઞેય બનાવતાં જ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. જડ ઇન્દ્રિયોના અવલંબનવાળા ઉપયોગમાં એવી તાકાત નથી કે ચૈતન્યમૂર્તિ આત્માને સ્વજ્ઞેય બનાવી શકે. એટલે રાગથી કે વ્યવહારના અવલંબનથી આત્મા જણાતો નથી. ઇન્દ્રિયોના અવલંબનથી ઉપયોગને ગમે તેટલો ભમાવે,

પણ તે બહારમાં જ ભમે, તે ઉપયોગ અંતરમાં આવે નહિ; આત્માને છોડીને એકલા બહારમાં ભમતા ઉપયોગને શાસ્ત્રમાં દુર્બુદ્ધિ કહેલ છે.

આ રીતે બીજા બોલમાં આચાર્યદેવે એમ કહ્યું કે હે જીવ તારા ઉપયોગને અંતરમાં વાળીને સ્વસંવેદન પ્રત્યક્ષથી આત્માને જાણ. ઇન્દ્રિયપ્રત્યક્ષથી આત્મા જણાય તેવો નથી. ઇન્દ્રિયોથી તો આત્મા અત્યંત વિભક્ત છે, તો તે ઇન્દ્રિયો આત્મામાં પ્રવેશવાનું સાધન કેમ હોય ? સ્વજ્ઞેય આત્મા તો ઇન્દ્રિયાતીત છે. ઇન્દ્રિયો તેનું સાધન પણ નથી. ઇન્દ્રિયો કે ઇન્દ્રિયો તરફના વલણવાળો રાગ તે કાંઈ આત્મામાં પ્રવેશવાનો માર્ગ નથી, છતાં તેને જે માર્ગ ( કે સાધન ) માને છે તે જડને અને રાગને જ આત્મા માને છે, જડથી ને રાગથી જુદા આત્માને તે જાણતો નથી. ઇન્દ્રિયોથી જ્ઞાન થવાનું જે માને તેને ઇન્દ્રિયોની પ્રીતિ–મૈત્રી છૂટે નહીં, ને અતીન્દ્રિય આત્માની પ્રીતિ–મૈત્રી–રુચિ તેને થાય નહીં.

આત્મા કેમ જણાય ?–તો કહે છે કે, આત્મારૂપ થઈને આત્મા જણાય. ઇન્દ્રિયરૂપ થઈને આત્મા ન જણાય. જ્ઞાન જ્યારે ઇન્દ્રિયોથી પાર, રાગથી પાર થઈને આત્મારૂપ થાય ત્યારે આત્મા જણાય, ને ત્યારે સમ્યગ્દર્શન થાય. અહા, સંતો જંગલમાં બેઠાબેઠા ખાણ ખોદતા હતા,–શેની ?–કે ચૈતન્યના આનંદની.

ઇન્દ્રિયો કે મનના અવલંબને થતું જે શાસ્ત્રજ્ઞાન કે ધારણા તેના વડે પણ ચૈતન્યસ્વરૂપ પ્રાપ્ત થતું નથી, અનુભવાતું નથી. કોઈ એમ માને કે અમે ઘણા શાસ્ત્રો વાંચ્યા ને ઘણું ભણ્યા માટે અમે ધર્મમાં બીજા કરતાં કાંઈક આગળ વધ્યા, તો આચાર્યદેવ કહે છે કે ભાઈ, તારા ભણતર બધા બહારના છે, સ્વનું જ્ઞાન તારા ભણતરમાં આવ્યું નથી. ધર્મના રાહ તો અંદર ચૈતન્યમાં છે. અંતર્મુખ થઈને ચિદાનંદતત્ત્વને જાણનાર–અનુભવનાર ધર્માત્મા જ ધર્મમાં આગળ વધ્યા છે. તેને માટે એવી કોઈ ટેક કે નિયમ નથી કે આટલું ભણ્યો હોય તો જ ધર્માત્મા કહેવાય. જેને ચૈતન્યનો અનુભવ નથી તેને બીજી ગમે તેટલી ધારણા હોય તોપણ તે સંસારના માર્ગે જ છે, ધર્મના માર્ગે નથી. છતાં તે એમ માને કે હું ધર્મમાં બીજા કરતાં આગળ વધ્યો છું– તો એ જાણપણાનું અભિમાન છે, તે ઇન્દ્રિયજ્ઞાનમાં અટકી જાય છે. ભાઈ ! ચૈતન્યના માર્ગ તો ન્યારા છે.

કોઈ ઇન્દ્રિયગમ્ય ચિહ્નદ્વારા પણ આત્મા જણાતો નથી. ઇન્દ્રિયગમ્ય ચિહ્ન એટલે આંખ કે મોઢાની ચેષ્ટા, વાણી વગેરે ઉપરથી આત્મા જણાય એવો નથી. એ તો બધા જડ ચિહ્નો છે, તે કાંઈ ચૈતન્યના ચિહ્ન નથી. આ જ્ઞાની છે, આ મુનિ છે– ઇત્યાદિ પ્રકારે ખરી ઓળખાણ થાય ખરી, પણ તે ઇન્દ્રિયચિહ્નવડે ન થાય, સ્વસંવેદનના લક્ષણથી જ થાય.

વળી એકલા અનુમાનથી આત્મા જાણવામાં આવી જાય–એવો નથી. આત્માનું સ્વસંવેદન પ્રત્યક્ષ તે નિશ્ચય છે, ને બીજા આત્માને અનુમાનથી જાણવો તે વ્યવહાર છે. નિશ્ચય વગર વ્યવહાર હોય નહિ. એટલે જેણે સ્વસંવેદન પ્રત્યક્ષથી પોતાના આત્માને જાણ્યો નથી તે બીજા આત્માને એકલા અનુમાનવડે ખરેખર ઓળખી શકતો નથી. હે ભાઈ, આત્માના અંતરના અનુભવને જાણ્યા વગર એકલા બહારના અનુમાનથી તું જ્ઞાનીનું માપ કાઢવા જઈશ–તો ભ્રમણામાં પડીશ.

‘અનુભવી હોય તે જ અનુભવીને ઓળખે’–એટલે આ આત્મા સર્વજ્ઞ છે, આ આત્મા સાધકધર્મી છે–એવો ખરો નિર્ણય, તેવી જાતનો અંશ પોતામાં પ્રગટ કરે ત્યારે જ થાય છે. અંતર્મુખ થઈને આત્માને સ્વસંવેદનમાં લેનાર જ્ઞાનદશા ભલે અધુરી હોય તોપણ તેને ‘પ્રત્યક્ષ કહેવાય છે. એવા પ્રત્યક્ષ વગર એકલા અનુમાનથી આત્માનો નિર્ણય થઈ શકતો નથી.

પહેલાં સ્વસંવેદન વગર સાધારણ ઓળખાણ હતી, પણ જ્યાં સ્વસંવેદન થયું ત્યાં ઓળખાણની જાત જ ફરી ગઈ....“અહા, હવે ભગવાનની ખરી ઓળખાણ થઈ, હવે જ્ઞાનીને ખરેખરા ઓળખ્યા!” બધા જ્ઞાનીઓને અંતરમાં આત્માના શ્રદ્ધા–જ્ઞાન એકસરખા હોય તોપણ બહારનો ઉદય બધાને એકસરખો હોતો નથી, એટલે બહારની ઉદયની ક્રિયા ઉપરથી જ્ઞાનીને ઓળખી શકાતા નથી. કોઈ જીવને અંદર નિર્વિકલ્પ આનંદની અનુભૂતિ પ્રગટી હોય, ને બહારનો ઉઘાડ કદાચ વિશેષ ન દેખાય, ત્યાં મૂઢ જીવોને એમ લાગશે કે આને જ્ઞાનચેતના નહિ ઊઘડી હોય! પણ ભાઈ, જ્ઞાનચેતના તો અંદર આત્માને અનુભવવાનું કામ કરે છે, તેને તું કઈ આંખે દેખીશ?

**આચાર્યદેવે આ ચોથા બોલમાં ધર્મની અને ધર્મીની ઓળખાણની રીત જગત પાસે ખુલ્લી મૂકી છે. અહા, આ રીતે જ્ઞાનીને ખરેખર ઓળખનારો જીવ પોતે જ્ઞાનીના માર્ગમાં ભળી જાય છે. ભગવાનના માર્ગમાં ભળેલો જ ભગવાનને ખરેખર ઓળખી શકે. ચૈતન્યમાં ઊંડા ઊતરીને જેણે સિદ્ધના ભેટા કર્યા એવા સંતોની આ વાણી છે.**

રાગ અને ઇન્દ્રિયના સંગથી જરાક દૂર થઈને જ આત્માની કે દેવ–ગુરુ–ધર્માત્માની સાચી ઓળખાણ થઈ શકે છે. સ્વસંવેદન સહિત અનુમાન સાચું હોય, પણ સ્વસંવેદન વગર એકલા અનુમાનથી આત્મા જાણવામાં આવી જાય–એમ બનતું નથી. આ રીતે હે જીવ! તું આત્માને અલિંગગ્રહણ જાણ....એટલે કે સ્વસંવેદનથી જાણ. આત્માનો વાસ્તવિક અંશ તારામાં પ્રગટયા વગર તું બીજા આત્માનું અનુમાન કયાંથી કરીશ?

આચાર્યદેવે આ બોલમાં એ સિદ્ધાંત સમજાવ્યો કે સ્વને જાણ્યા વગર પરને જાણી શકાય નહીં. પંચપરમેષ્ઠી કે સમ્યગ્દૃષ્ટિ વગેરેના આત્માનો સ્વભાવ એવો નથી કે એકલા અનુમાનથી કે રાગથી તે જણાય. અરિહંતને કે સિદ્ધ વગેરેને સાચા ભાવનમસ્કાર ક્યારે થાય? કે તેમને ઓળખે ત્યારે; તેમની સાચી ઓળખાણ ક્યારે થાય? કે સ્વસંવેદનથી પોતાને ઓળખે ત્યારે.

વળી આત્મા એકલા અનુમાનથી જાણનારો નથી. સાધકને અનુમાન હોય ખરું, પણ સાથે સ્વસંવેદન–પ્રત્યક્ષનો અંશ પણ વર્તે છે, એટલે એકલું અનુમાન નથી. સાધકને અંશે પ્રત્યક્ષ ને અંશે પરોક્ષ બંને સાથે છે, સ્વાશ્રયે પ્રત્યક્ષપણું વધતું જાય છે, ને પરોક્ષપણું તૂટતું જાય છે. સાધક જાણે છે કે જેટલું પરોક્ષપણે કામ કરે તે મારું વાસ્તવિક સ્વરૂપ નહિ, આત્માને અવલંબીને જ્ઞાનમાં જેટલું પ્રત્યક્ષપણું (અતીન્દ્રિયપણું) થાય તે જ મારું સ્વરૂપ છે.

એકલું અનુમાન જેનો સ્વભાવ નથી પણ પ્રત્યક્ષજ્ઞાન જેનો સ્વભાવ છે–એવા આત્માને હે શિષ્ય! તું જાણ. આત્મા તો પ્રત્યક્ષજ્ઞાતા છે. અરે, પરોક્ષજ્ઞાન પણ એનો સ્વભાવ નથી તો પછી રાગ કે ઇન્દ્રિયોની વાત તો ક્યાં રહી? કોઈ પરાશ્રય વડે નહિ, પરંતુ સ્વભાવ વડે જ જાણનારો આત્મા છે. અહા, આવા આત્માને લક્ષમાં લ્યે ત્યાં પરાશ્રયબુદ્ધિ ક્યાં રહી?

સીમંધરનાથ સર્વજ્ઞપરમાત્માનો સાક્ષાત્ સન્દેશો લાવીને કુંદકુંદાચાર્યદેવ કહે છે કે હું તો ભગવાન પાસેથી આવો સન્દેશો લાવ્યો છું....જેને સુખશાંતિ જોઈતી હોય તેઓ આ સન્દેશ ઝીલીને જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં ઉપયોગને વાળો.

"અલિંગગ્રહણ"ની આ ગાથા સમયસારમાં છે, નિયમસારમાં છે, પંચાસ્તિકાયમાં છે, અષ્ટપ્રાભૃતમાં છે, ને ધવલામાં પણ છે. આ ગાથા ઘણી મહત્વની છે. (ચાલુ)

* * *

# પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થ યાત્રા સંઘ

જિજ્ઞાસુઓને જાણીને આનંદ થશે કે પૂ. ગુરુદેવ દક્ષિણદેશમાં બાહુબલી ભગવાન તથા પોન્નુરમાં કુંદકુંદાચાર્યદેવની પાવન તપોભૂમિ વગેરે તીર્થધામોની યાત્રા કરવા માટે ફરીને પધારી રહ્યા છે....તેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમાંક | ગામ | માઈલ | તિથિ | તારીખ | વાર | કેટલા દિવસ |
|---|---|---|---|---|---|---|
| સોનગઢથી મંગલ પ્રસ્થાન | | | પોષ વદ ૬ | ૫–૧–૬૪ | રવિ | |
| ૧ | અમદાવાદ | ૧૨૧ | પોષ વદ ૬ | ૫–૧–૬૪ | રવિ | ૧ |
| ૨ | પાલેજ | ૧૦૧ | ” ૭ | ૬–૧–૬૪ | સોમ | |
| | | | ” ૮ | ૭–૧–૬૪ | મંગળ | ૨ |
| ૩ | વલસાડ | ૧૦૪ | ” ૯ | ૮–૧–૬૪ | બુધ | ૧ |
| ૪ | ભીવંડી | ૧૧૦ | ” ૧૦ | ૯–૧–૬૪ | ગુરુ | ૧ |
| ૫ | પૂના | ૯૯ | ” ૧૧ | ૧૦–૧–૬૪ | શુક્ર | ૧ |
| ૬ | સતારા | ૬૯ | ” ૧૨ | ૧૧–૧–૬૪ | શનિ | ૧ |
| ૭ | કોલ્હાપુર | ૭૮ | ” ૧૩ | ૧૨–૧–૬૪ | રવિ | ૧ |
| ૮ | બેલગામ | ૬૫ | ” ૧૪ | ૧૩–૧–૬૪ | સોમ | ૧ |
| ૯ | હુબલી | ૫૯ | ” ০)) | ૧૪–૧–૬૪ | મંગળ | ૧ |
| ૧૦ | હરિહર | ૮૦ | માહ શુદ ૧ | ૧૫–૧–૬૪ | બુધ | ૧ |
| ૧૧ | હુમચા | ૭૪ | ” ૨ | ૧૬–૧–૬૪ | ગુરુ | ૧ |
| ૧૨ | કુંદાદ્રિ | ૩૩ | ” ૩ | ૧૭–૧–૬૪ | શુક્ર | ૧ |
| ૧૩ | મુડબિદ્રિ | ૫૩ | ” ૪ | ૧૮–૧–૬૪ | શનિ | ૨ |
| | | | ” ૫ | ૧૯–૧–૬૪ | રવિ | |
| ૧૪ | હાસન | ૧૦૬ | ” ૬ | ૨૦–૧–૬૪ | સોમ | ૧ |
| ૧૫ | શ્રવણ– | ૩૨ | ” ૭ | ૨૧–૧–૬૪ | મંગળ | |
| | બેલ્ગોલા | | ” ૮ | ૨૨–૧–૬૪ | બુધ | ૨ |
| ૧૬ | મૈસુર | ૬૨ | ” ૯ | ૨૩–૧–૬૪ | ગુરુ | ૧ |
| ૧૭ | બેંગલોર | ૮૭ | ” ૧૦ | ૨૪–૧–૬૪ | શુક્ર | ૧ |
| ૧૮ | રાણીપેંઠ | ૧૩૭ | ” ૧૧ | ૨૫–૧–૬૪ | શનિ | ૧ |
| ૧૯ | વંદેવાશ | ૪૦ | ” ૧૨ | ૨૬–૧–૬૪ | રવિ | |
| | (પોન્નુર) | | ” ૧૪ | ૨૭–૧–૬૪ | સોમ | ૨ |
| | | ૧૫૧૦ | | | | ૨૩ |

# યાત્રાસંઘ સંબંધી સૂચના

(૧) મૂડબિદ્રિ, શ્રવણબેલગોલા, તથા વંદેવાસ યાત્રાસંઘ આગલે દિવસે સાંજે પહોંચશે.

(૨) યાત્રાસંઘ તા. ૧૦–૧–૬૪ના રોજ સવારે મુંબઈથી રવાના થશે, અને તે જ દિવસે પૂના પહોંચશે. અને પૂનાથી પૂજ્ય ગુરુદેવ સાથે યાત્રા શરૂ થશે. અને પોન્નુર સુધી સંઘ રહેશે.

(૩) યાત્રાસંઘમાં જોડાનાર બસના યાત્રિકો તથા ખાનગી મોટરકારના યાત્રિકોએ તા. ૧૫–૧૨–૬૩ સુધીમાં વિનંતીપત્રક ભરીને સોનગઢ મોકલી આપવા વિનંતી છે.

(૪) વિનંતીપત્રક સોનગઢ તથા દરેક ગામના મુમુક્ષુમંડળ પાસેથી મળી શકશે.

(૫) મુંબઈથી પોન્નૂર, પોન્નૂરથી મુંબઈ સુધીના માઈલ લગભગ બે હજાર તથા દિવસો ૨૨ થશે.

(૬) મુંબઈથી પોન્નૂર તથા પોન્નૂરથી મુંબઈ સુધીનું બસભાડું તથા વ્યવસ્થાખર્ચના વ્યક્તિ દીઠ રૂા. ૧૨૦ લેવામાં આવશે.

(૭) મુંબઈથી પોન્નૂર તથા પોન્નૂરથી મુંબઈ સુધીનું બસભાડું તથા વ્યવસ્થાખર્ચના ત્રણ વર્ષથી દશ વર્ષ સુધીની ઉંમરના બાળકો માટે વ્યક્તિદીઠ રૂા. ૭૫ ) લેવામાં આવશે અને તેને સીટ આપવામાં આવશે.

(૮) ખાનગી મોટરકારના યાત્રિકો પાસેથી વ્યક્તિદીઠ વ્યવસ્થાખર્ચના રૂા. ૧૫ ) લેવામાં આવશે.

(૯) યાત્રાસંઘની બસના યાત્રિકે બસભાડા પેટે અનામત તરીકે વ્યક્તિદીઠ રૂા. ૫૦ ) વિનંતીપત્રક સાથે મોકલવાના રહેશે.

(૧૦) જો સમૂહભોજનમાં જમનારાઓની સંખ્યા ઓછામાં ઓછી ત્રણસો થશે તો યાત્રાસંઘ તરફથી સમૂહભોજનની વ્યવસ્થા કરવામાં આવશે અને તેનો ચાર્જ બે ટંક જમવાનું તથા સવારે ચાના મળી રૂા. ૨–૫૦ તથા છૂટક એક ટંકનો ચાર્જ રૂા. ૧–૫૦ લેવામાં આવશે. ત્રણથી દશ વર્ષ સુધીની ઉમરના બાળકોનો ચાર્જ બે ટંક જમવાનું તથા સવારે ચાના મળી રૂા. ૧–૭૫ તથા છૂટક એક ટંકનો ચાર્જ રૂા. ૧–૦૦ લેવામાં આવશે.

(૧૧) યાત્રાસંઘની ટીકીટના અનામત વગેરે રકમનો ચેક કે ડ્રાફટ મોકલવામાં આવે તો તે " ખીમચંદ જેઠાલાલ શેઠ એન્ડ અધર્સ " એ નામથી મોકલવા.


પત્ર વ્યવહારનું સરનામું–

પૂ. કાનજીસ્વામી દિ. જૈન તીર્થયાત્રા સંઘ વ્યવસ્થાપક કમિટી,

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

**સોનગઢ** ( સૌરાષ્ટ્ર )

# ભગવાને સાધેલો ને બતાવેલો
# પરિનિર્વાણનો પંથ



**( વીર. સં.૨૪૮૮ આસો વદ અમાસ : શીલપ્રાભૃત ગા. ૧૧-૧૨ના પ્રવચનમાંથી )**

આજે ભગવાન મહાવીરપરમાત્મા પાવાપુરીથી મોક્ષ પામ્યા, ભગવાનનો આત્મા આજે પૂર્ણ નિર્મળપર્યાયે પરિણમ્યો, ભગવાન આજે સિદ્ધ થયા. પાવાપુરીમાં ઇન્દ્રો અને રાજાઓએ નિર્વાણનો મોટો મહોત્સવ ઊજવ્યો. તે દીવાળીનો તેમ જ મોક્ષના બેસતા વર્ષનો આજે દિવસ છે. ભગવાનના મોક્ષને આજે ૨૪૮૮મું વર્ષ બેઠું. ભગવાન પાવાપુરીથી સ્વભાવઊર્દ્ધ્વગમન કરીને ઉપર સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે. અનાદિકાળમાં કદી નહોતી થઈ એવી અપૂર્વદશા આજે ભગવાનને પાવાપુરીમાં પ્રગટી. તેથી પાવાપુરી પણ તીર્થધામ છે. સમ્મેદશિખરની યાત્રા વખતે પાવાપુરી યાત્રા કરવા ગયા ત્યારે ત્યાં અભિષેક કર્યો હતો. ત્યાં (સરોવર વચ્ચે) જ્યાંથી ભગવાન મોક્ષ પધાર્યા ત્યાં ભગવાનના ચરણકમળ છે. તીર્થંકરોનું

દ્રવ્ય ત્રિકાળ મંગળરૂપ છે. જે જીવ કેવળજ્ઞાન પામનાર છે તેનું દ્રવ્ય ત્રિકાળ મંગળરૂપ છે.

ભગવાનનો આત્મા ત્રિકાળ મંગળરૂપ છે; તેનું દ્રવ્ય તો ત્રિકાળ મંગળરૂપ છે, જ્યાંથી મોક્ષ પામ્યા તે ક્ષેત્ર પણ મંગળ છે, આજે મોક્ષ પામ્યા તેથી આજનો કાળ પણ મંગળરૂપ છે, ને ભગવાનના કેવળજ્ઞાનાદિરૂપ ભાવ તે પણ મંગળરૂપ છે,–આ રીતે ભગવાન મહાવીર પરમાત્મા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવથી મંગળરૂપ છે. ભગવાન મોક્ષ પામતાં અહીં ભરતક્ષેત્રમાં તીર્થંકરનો વિરહ પડયો. ભગવાનનું સ્મરણ કરીને ભગવાનના ભક્તો કહે છે કે હે નાથ! આપે ચૈતન્યસ્વભાવમાં અંતર્મુખ થઈને આત્માની મુક્તદશાને સાધી ને એવો જ આત્મા વાણીદ્વારા અમને દર્શાવ્યો. એવા સ્મરણથી શ્રદ્ધા–જ્ઞાનની નિર્મળતા કરે તે મંગળકાળ છે, જ્યાં એવી નિર્મળદશા પ્રગટે તે મંગળક્ષેત્ર છે. શ્રદ્ધા–જ્ઞાનનો જે ભાવ છે તે મંગળભાવ છે, ને તે આત્મા પોતે મંગળરૂપ છે. ભગવાનનો મોક્ષકલ્યાણક ઉજવ્યા પછી ઇન્દ્રો અને દેવો નંદીશ્વરદ્વીપે જાય છે અને ત્યાં આઠ દિવસ સુધી ઉત્સવ કરે છે.

આજે ભગવાનના નિર્વાણનો દિવસ છે ને આ અષ્ટપ્રાભૃતમાં પણ આજે નિર્વાણની જ ગાથા વંચાય છે. કઈ રીતે નિર્વાણ થાય અને કેવા પુરુષને નિર્વાણ થાય તે વાત શીલપાહુડની ગાથામાં કહે છે–

णाणेण दंसणेण य तवेण चरिएण सम्मसहिएण ।
होहदि परिणिव्वाणं जीवाणं चरित्तसुद्धाणं ।।११।।

ઉપયોગને અંતરમાં ઊંડો વાળીને ચૈતન્યના શાંતરસને ધર્મી અનુભવે છે. જેમ કૂવામાં ઊંડેથી પાણી ખેંચે છે, તેમ સમ્યક્ આત્મસ્વભાવરૂપ કારણપરમાત્માને ધ્યેયરૂપે પકડીને, ઉપયોગને તેમાં ઊંડો ઊંડો ઉતારીને પૂર્ણ શુદ્ધતા થાય છે; આ રીતથી પરિનિર્વાણ થાય છે. નિર્વાણ એ કોઈ બહારની ચીજ નથી પણ આત્માની પર્યાય પરમ શુદ્ધ થઈ ગઈ ને વિકારથી છૂટી ગઈ તેનું નામ જ નિર્વાણ છે.

ભગવાનને મનુષ્યદેહ હતો માટે નિર્વાણ થયું કે વજ્રઋષભનારાચસંહનન હતું માટે નિર્વાણ થયું–એમ નથી. પણ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપથી ભગવાન મુક્તિ પામ્યા. આજે મહાવીર ભગવાન મુક્તિ પામ્યા, તેમનું આ શાસન ચાલે છે. ભગવાન સમ્યગ્દર્શનપૂર્વક દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપથી પરિનિર્વાણ પામ્યા અને એવો જ ઉપદેશ આપી રહ્યા છે. ભગવાન પોતાના પરમ આનંદમાં મહાલી રહ્યા છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરી રહ્યા છે. આવી નિર્વાણ દશાનો આજનો મંગળ દિવસ છે ને આ નિર્વાણના ઉપાયની ગાથા પણ મંગળ છે. આ રીતે દિવાળીમાં માંગળિક છે.

જેણે ચૈતન્યમાં જ ઉપયોગ જોડીને બાહ્યધ્યેયથી ઉપયોગને પાછો વાળ્યો છે એટલે વિષયોથી વિરક્ત થઈને ચૈતન્યના આનંદના દૂધપાકનો સ્વાદ લ્યે છે, આનંદના અનુભવને ઉગ્ર કરીને સ્વાદમાં લ્યે છે, એવા પુરુષ નિયમથી ચોક્કસ ધ્રુવપણે નિર્વાણને પામે છે; તેમને સુમાર્ગશાળી કહ્યા છે.

જુઓ આ નિર્વાણનો ધ્રુવમાર્ગ! દર્શનશુદ્ધિપૂર્વક દ્રઢ ચારિત્ર વડે જે જીવ ચૈતન્યમાં એકાગ્ર થાય છે તેને બાહ્યવિષયોથી વિરક્તિ થઈ જાય છે. એનું નામ જ શીલ છે, ને એવા સમ્યક્શીલવાળો જીવ જરૂર નિર્વાણ પામે છે. ચૈતન્યધ્યેયને ચૂકીને જેણે પરને ધ્યેય બનાવ્યું છે તે જીવને શીલની રક્ષા નથી, શરીરથી ભલે બ્રહ્મચર્ય પાળતો હોય પણ જો અંદરમાં રાગની રુચિ છે તો તેને શીલની રક્ષા નથી, તેને દર્શનશુદ્ધિ નથી. ચૈતન્ય સ્વભાવની રુચિ જેણે પ્રગટ કરી છે ને રાગની રુચિ છોડી છે તેને ચૈતન્યધ્યેયે બાહ્યવિષયોનું ધ્યેય છૂટી જાય છે; આવું શીલ તે નિર્વાણમાર્ગમાં પ્રધાન છે. આ બે ગાથામાં તો દર્શનશુદ્ધિ ઉપરાંત ચારિત્રની વાત કરીને સાક્ષાત્ નિર્વાણમાર્ગ કહ્યો.

હવે એક બીજી વાત કરે છેઃ કોઈ જ્ઞાની ધર્માત્માને કદાચ વિષયોથી સંપૂર્ણ વિરક્તિ ન થઈ હોય પણ શ્રદ્ધા બરાબર છે, માર્ગ તો વિષયોની વિરક્તિરૂપ જ છે–એમ યથાર્થમાર્ગ પ્રતિપાદન કરે છે, તો તે જ્ઞાનીને માર્ગની પ્રાપ્તિ કહેવામાં આવે છે. સમ્યક્માર્ગનું પોતાને ભાન છે ને સમ્યક્માર્ગનું બરાબર પ્રતિપાદન કરે છે પણ હજી વિષયથી અત્યંત વિરક્તિરૂપ મુનિદશા વગેરે નથી, અસ્થિરતા છે, તોપણ તે જ્ઞાની ધર્માત્મા મોક્ષમાર્ગના સાધક છે. તેને ઇષ્ટમાર્ગની પ્રાપ્તિ છે અને તે યથાર્થ માર્ગ બતાવનારા છે તેથી તેના ઉપદેશથી બીજાને પણ સમ્યક્માર્ગની પ્રાપ્તિ થાય છે. પણ જે જીવ વિષયોથી–રાગથી લાભ મનાવે તેને તો સમ્યક્માર્ગની શ્રદ્ધા જ નથી, તે તો ઉન્માર્ગે છે, અને ઉન્માર્ગનો બતાવનાર છે. ધર્મીને રાગ હોય પણ તેને તે બંધનું જ કારણ જાણે છે; તેથી રાગ હોવા છતાં તેની શ્રદ્ધામાં વિપરીતતા નથી, તેને માર્ગની પ્રાપ્તિ છે ને તેના ઉપયોગથી બીજા જીવો પણ માર્ગની પ્રાપ્તિ કરી શકશે.

અજ્ઞાની રાગથી પોતે લાભ માને છે, ને રાગથી લાભ થવાનું મનાવે છે, તો તે પોતે માર્ગથી ભ્રષ્ટ છે ને તેની પાસેથી માર્ગની પ્રાપ્તિ થઈ શકતી નથી. અહા, ચૈતન્યના શ્રદ્ધા જ્ઞાન અને તેમાં લીનતારૂપ વીતરાગતા તે જ મોક્ષનો માર્ગ છે. મોક્ષાર્થીએ એવી વીતરાગતા જ કર્તવ્ય છે, ક્યાંય જરાપણ રાગ કર્તવ્ય નથી. રાગનો એક કણિયો પણ મોક્ષને રોકનાર છે, તે મોક્ષનું સાધન કેમ થાય? આમ જ્ઞાનીને શ્રદ્ધા છે; અહા, જ્યાં પુણ્યભાવને પણ છોડવા જેવો માને છે ત્યાં જ્ઞાની પાપમાં તો સ્વચ્છંદે

કેમ પ્રવર્તે ? ચારિત્રદશા રહિત હોય તો પણ સમ્યગ્દષ્ટિ મોક્ષમાર્ગમાં જ છે, કેમકે તેને ચારિત્રની ભાવના છે ને રાગની ભાવના નથી, ચૈતન્યને ધ્યેય બનાવીને રાગથી ભિન્નતાનું ભાન થયું છે. આવા ભાન વગર રાગથી લાભ માને ને પ્રરૂપે તે તો ઉન્માર્ગમાં છે, તેનો જ્ઞાનનો ઉઘાડ પણ બધોય નિરર્થક છે, ભગવાનના માર્ગને તેણે જાણ્યો નથી, ભગવાન કઈ રીતે મોક્ષ પામ્યા તેની તેને ખબર નથી. સમકિતીને અસ્થિરતાને લીધે બાહ્ય વિષયો સંપૂર્ણ ન છૂટે તો પણ તેનું જ્ઞાન બગડતું નથી, દૃષ્ટિના વિષયમાં શુદ્ધ ચૈતન્યસ્વભાવને પકડયો છે તે કદી છૂટતો નથી, તે સ્વ–ધ્યેયના આશ્રયે તે સમ્યક્માર્ગમાં વર્તે છે, મોક્ષના માણેકસ્તંભ તેના આત્મામાં રોપાઈ ગયા છે.

**પૂર્ણતારૂપ પરિનિર્વાણ મંગલરૂપ છે. ને**

**તેની શરૂઆતરૂપ સમ્યક્ત્વ પણ મંગળરૂપ છે.**

એ બંનેની વાત આજે માંગળિકમાં આવી છે; આ રીતે દિપાવલીનું માંગળિક કર્યું.

## ઉપકાર

અંતરસ્વભાવની સન્મુખતા કરાવે ને પરથી વિમુખતા–ઉપેક્ષા કરાવે, એવો હિતોપદેશ જે સંતોએ આપ્યો તે સંતોના ઉપકારને મુમુક્ષુ–સત્પુરુષો ભૂલતા નથી.

“ હે જીવ ! સ્વભાવ તરફ જવાથી જ તને શાંતિ થશે, બહારના લક્ષે શાંતિ નહિ થાય; પરદ્રવ્ય તને શાંતિનું દાતાર નથી, સ્વદ્રવ્ય જ તને શાંતિનું દાતાર છે....માટે પરથી પરાંગ્મુખ થઈને સ્વમાં અંતર્મુખ થા.......... ”

અહા ! આવો ઉપદેશ ઝીલીને જે અંતર્મુખ થયો. તે મુમુક્ષુ તે ઉપદેશના દેનારા સંતોના ઉપકારને ભૂલતો નથી.

# જ્ઞાનીની અદ્ભુત દશા

*

**સમકિતી-ધર્માત્મા જાણે છે કે અમારા ચૈતન્યના અતીન્દ્રિય સ્વાદ પાસે આખા જગતનો વૈભવ તુચ્છ છે....ચૈતન્યનો રસ અત્યંત મધુર....અત્યંત શાં...ત...અત્યંત નિર્વિકાર...એના સંવેદનથી એવી તૃપ્તિ થાય કે જગત આખાનો રસ ઊડી જાય. સાધકહૃદયના ગંભીરભાવો ઓળખવાનું સાધારણ જીવોને મુશ્કેલ પડે તેવું છે.**

*

અજ્ઞાનથી જ વિકારનું કર્તાપણું છે, ને જ્ઞાનથી તે કર્તાપણાનો નાશ થાય છે–આમ જે જીવ જાણે છે તે સકલ પરભાવનું કર્તૃત્વ છોડીને જ્ઞાનમય થાય છે. નિશ્ચયને જાણનારા જ્ઞાનીઓએ એમ કહ્યું છે કે આત્મા અજ્ઞાનથી જ વિભાવનો કર્તા થાય છે. જ્યાં ભિન્ન ચૈતન્યસ્વભાવનું ભાન થયું ત્યાં પોતાના શુદ્ધ ચૈતન્ય સિવાય બીજે ક્યાંય આત્મવિકલ્પ થતો નથી. એટલે તે જ્ઞાની સમસ્ત પરભાવને પોતાના સ્વભાવથી ભિન્ન જાણતો થકો તેનું કર્તૃત્વ છોડી દે છે.

જુઓ, આ જ્ઞાનીનું કાર્ય! જ્ઞાની થયો તે આત્મા પોતાના ચૈતન્યના ભિન્નસ્વાદને જાણે છે. જ્યાં ચૈતન્યના અત્યંત મધુર શાંતરસનો સ્વાદ જાણ્યો ત્યાં કડવા સ્વાદવાળા કષાયોમાં આત્મબુદ્ધિ કેમ થાય? રાગાદિ ભાવો મારા સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલા છે–એમ જ્ઞાનીને જરા પણ ભાસતું નથી. શુદ્ધજ્ઞાનમય સ્વભાવના આધારે તેને નિર્મળ જ્ઞાનભાવોની જ ઉત્પત્તિ થાય છે અને તેનો જ તે કર્તા થાય છે વિકલ્પની ઉત્પત્તિ જ જ્યાં મારા જ્ઞાનમાં નથી તો પછી તે વિકલ્પ વડે જ્ઞાનની પુષ્ટિ થાય એ વાત ક્યાં રહી? આથી જ્ઞાનથી ભિન્ન સમસ્ત વિકલ્પોનું કર્તૃત્વ છૂટી ગયું છે.

આ આત્મા અનાદિથી અજ્ઞાની વર્તે છે, તેને પોતાના સ્વભાવના સ્વાદનું અને વિકારના સ્વાદનું ભેદજ્ઞાન નથી એટલે બન્નેને એકમેકપણે અનુભવે છે; દેહથી ભિન્નતાની વાત તો સ્થૂળમાં ગઈ, અહીં તો અંદરના અરૂપી વિકલ્પોથી પણ ચૈતન્યની ભિન્નતા બતાવવી છે. અજ્ઞાનીને ભેદજ્ઞાનની શક્તિ બીડાઈ ગઈ છે, ભેદજ્ઞાન કરવાની શક્તિ તો દરેક આત્મામાં

છે પણ અજ્ઞાની તે શક્તિ પ્રગટ કરતો નથી, તેને તે શક્તિ અનાદિથી બીડાઈ ગયેલી છે. આવા અજ્ઞાનને લીધે જ તે પોતાને અને પરને એકમેક માને છે, જ્ઞાનને અને રાગને એકમેક અનુભવે છે. 'હું ચૈતન્ય છું'–એવો સ્વાનુભવ કરવાને બદલે 'હું ક્રોધ છું, હું રાગ છું' એમ તે અનુભવે છે. અહો, દિવ્યધ્વનિ ચૈતન્યના એકત્વ સ્વભાવનો ઢંઢેરો વગાડે છે. ગણધરો સંતો અને ચારે અનુયોગના શાસ્ત્રો ભેદજ્ઞાનનો ઢંઢેરો પીટીને કહે છે કે, ચૈતન્યસ્વભાવ તો અનાદિ અનંત, અકૃત્રિમ, નિર્મળ, વિજ્ઞાનઘન છે, ને રાગાદિભાવો તો ક્ષણિક, નવા, પરાશ્રયે ઉત્પન્ન થયેલા મલિનભાવો છે, તેમને એકતા કેમ હોય? ન જ હોય. પણ અજ્ઞાની આવા વસ્તુસ્વભાવથી ભ્રષ્ટ થઈને વારંવાર અનેક વિકલ્પરૂપે તદ્રૂપ પરિણમતો થકો તેનો કર્તા પ્રતિભાસે છે.

અહીં તો તે કર્તાપણું છૂટવાની વાત સમજાવવી છે. "રાગાદિનું કર્તાપણું અજ્ઞાનથી જ છે"–એમ જે જીવ જાણે છે તે જીવ તે રાગાદિનાં કર્તૃત્વને અત્યંતપણે છોડે છે. મારા ચૈતન્યસ્વભાવમાં રાગનું કર્તૃત્વ છે જ નહિ. રાગની ખાણ મારા ચૈતન્યમાં નથી. મારી ચૈતન્યખાણમાં તો નિર્વિકલ્પ અનાકુળ શાંતરસ ભર્યો છે. શાંતરસનો સ્વાદ તે જ મારો સ્વાદ છે, જે આકુળતા છે તે મારો સ્વાદ નથી, તે તો રાગનો સ્વાદ છે–એમ બન્નેના સ્વાદને અત્યંત ભિન્ન જાણતો થકો જ્ઞાની, ચૈતન્યને અને રાગને એકસ્વાદપણે નથી અનુભવતો, પણ ચૈતન્યના સ્વાદને રાગથી જુદો જ અનુભવે છે. ચૈતન્યના આનંદના નિધાનને પહેલાં અજ્ઞાનથી તાળાં દીધા હતા તે તાળાંને ભેદજ્ઞાનરૂપી ચાવી વડે ખોલી નાખ્યા, ચૈતન્યના આનંદનિધાનને ખુલ્લા કરીને તેનું સ્વસંવેદન કર્યું. જ્યાં પોતાના નિજરસને જાણ્યો ત્યાં વિકારનો રસ છૂટી ગયો, તેનું કર્તૃત્વ છૂટી ગયું. પહેલાં નિરંતર વિકારનો સ્વાદ લેતો તેને બદલે હવે નિરંતર સ્વભાવના આનંદનો સ્વાદ લે છે.

જુઓ, આ ચોથા ગુણસ્થાનવાળા સમકિતી ધર્માત્માની દશા! જે સાધક થયો, જે મોક્ષના પંથે ચડયો, અંતરમાં જેને ચૈતન્યના ભેટા થયા, એવા ધર્માત્માજ્ઞાની મુનિ શ્રુતજ્ઞાનથી ચૈતન્યના અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન કરે છે. અહા, જગતના રસથી જુદી જાતનો ચૈતન્યનો રસ છે. ઇન્દ્રપદના વૈભવમાં પણ તે રસ નથી. સમકિતી ઇન્દ્ર જાણે છે કે અમારા ચૈતન્યના અતીન્દ્રિય સ્વાદ પાસે આ ઇન્દ્રપદ તો શું! આખા જગતનો વૈભવ પણ તૂચ્છ છે. ચૈતન્યનો રસ અત્યંત મધુર અત્યંત શાં....ત! અત્યંત નિર્વિકાર....જેના સંવેદનથી એવી તૃપ્તિ થાય કે આખા જગતનો રસ ઊડી જાય. શાં...ત...શાંત ચૈતન્યનું મધુરું વેદન થયું ત્યાં આકુળતાજનક એવા કષાયોનું કર્તૃત્વ કેમ રહે? કષાયોથી અત્યંત ભિન્નતાનું ભાન થયું. જુઓ, સ્વસન્મુખ થઈને આવા સ્વાદનું સ્વસંવેદન કરવાની મતિ–શ્રુતજ્ઞાનની તાકાત છે. મતિ–શ્રુતને સ્વસન્મુખ કરીને ધર્માત્મા આવા ચૈતન્યસ્વાદનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે છે.

અહા, જુઓ તો ખરા...કેવા શાંતભાવો આચાર્યદેવે ભર્યા છે! અમૃતના સાગર કેમ ઊછળે–તે વાત અમૃતચંદ્રાચાર્યદેવે આ સમયસારમાં સમજાવી છે. સાધકની અંદરની શું સ્થિતિ છે તેની જગતના જીવોને ખબર નથી; તેના હૃદયના ગંભીર ભાવો ઓળખવાનું સાધારણ જીવોને મુશ્કેલ પડે તેવું છે. સમજવા માગે તો બધું સુગમ છે. આ ભાવો સમજે તો અમૃતના સાગર ઊછળે ને ઝેરનો સ્વાદ છૂટી જાય. ભેદજ્ઞાનનો આ મહિમા છે. ભેદજ્ઞાન થતાં જ જીવની આવી દશા થાય છે. જ્ઞાની ધર્માત્મા ચૈતન્યરસના સ્વાદ પાસે જગતના બધા સ્વાદ પ્રત્યે સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો છે. રાગાદિને પણ અત્યંત ઉદાસીન અવસ્થાવાળો રહીને માત્ર જાણે જ છે; પણ તેનો કર્તા થતો નથી. આ રીતે જ્ઞાયકસ્વભાવને જ સ્વપણે અનુભવતો જ્ઞાની નિર્વિકલ્પ અકૃત્રિમ એક વિજ્ઞાનઘનપણે પરિણમતો થકો અન્યભાવોનો અત્યંત અકર્તા જ છે. આવી અદ્ભુત દશાથી સાધક ઓળખાય છે.


(સ. ગા. ૯૭ ના પ્રવચનમાંથી)

## પ્રસિદ્ધ થઈ ચૂકયું છે : મંગલ તીર્થયાત્રા

જિજ્ઞાસુઓ જેની રાહ જોતા હતા તે પુસ્તક “મંગલ તીર્થયાત્રા” ગત આસો વદ અમાસના રોજ પ્રસિદ્ધ થઈ ગયું છે. ૧૫૦ જેટલાં આર્ટપેપરના પેઈજ સહિત કૂલ ૬૦૦ ઉપરાંત પાનાં અને ૩૫૦ ઉપરાંત તીર્થયાત્રાનાં વિવિધ પ્રકારના ભક્તિપ્રેરક ચિત્રો–જોતાં જ તીર્થોનાં પવિત્ર સ્મરણો તાજા થાય છે. (લેખક બ્ર. હરિલાલ જૈન) સુંદર ચૌરંગી જેકેટ; જેનું ચિત્ર આ અંકની સાથે મોકલવામાં આવ્યું છે. આ જેકેટ મુંબઇના જેચંદ તલકશી એન્ડ સન્સ તરફથી ભેટ આપવામાં આવ્યું છે. (કિંમત રૂા. આઠ)

**સુચના:**–[ આ ચૌરંગી જેકેટની ફક્ત બે હજાર નકલો છે એટલે બે હજાર સુધીના ગ્રાહકોને જ તે મળી શકશે. V. P. ના અંકોની સાથે આ ચિત્ર નહિ મોકલાય. ]

**પ્રાપ્તિસ્થાન : જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ**


મંગલ
તીર્થયાત્રા

ॐ

શ્રી જિનેન્દ્રદેવાય નમઃ



**મુંબઈનગરીમાં પૂજ્ય કાનજીસ્વામીની ૭૫મી જન્મજયંતિના**

**હીરક મહોત્સવસમારોહના હર્ષોપલક્ષમાં પ્રસિદ્ધ થનાર**

# अभिनंदन-ग्रन्थ

संयोजक

**શ્રી મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુમંડળઃ**

**મણિલાલ જે. શેઠ ( પ્રમુખ )**

ભારતના જિજ્ઞાસુઓને એ જાણીને અત્યંત હર્ષ થશે કે ભારતના જૈનસમાજના અધ્યાત્મસંત પૂ. શ્રી કાનજીસ્વામીનો ૭૫મો જન્મોત્સવ હીરકજયંતિના મહાન ઉત્સવરૂપે મુંબઈનગરીમાં આગામી વૈશાખ સુદ બીજે ઉજવાશે, ને આ પ્રસંગે એક ખાસ સુશોભિત સચિત્ર અભિનંદન-ગ્રંથ પ્રગટ થશે....જેમાં પૂ. ગુરુદેવના જીવનનું અને ઉપદેશનું

દિગ્દર્શન કરાવવાનો પ્રયત્ન થશે. આ માટે પૂ. ગુરુદેવદ્વારા ઉપકૃત થયેલા સમસ્ત મુમુક્ષુઓના સહકારની અમે આશા રાખીએ છીએ અને આપ પણ ગુરુદેવના જીવનને લગતી કોઈ ઉત્તમકૃતિ ( લેખ, કાવ્ય, ચિત્ર વગેરે ) મોકલાવશો એવું હાર્દિક નિમંત્રણ છે.

પૂ. ગુરુદેવના જીવનનો ઝૂકાવ પહેલેથી જ આત્મશોધ તરફ છે.....૭૫ વર્ષ પહેલાં ઉમરાળામાં તેઓ જન્મ્યા ત્યારે જ ‘ આત્માની શોધ ’ના સંસ્કાર ને ભણકાર સાથે લઈને આવ્યા હતા.....નાનપણથી જ તેમનો આત્મશોધનો પ્રબળ પ્રયત્ન ચાલુ હતો....આત્માર્થ માટેનો પુરુષાર્થ એ એમનો જીવનમંત્ર હતો. ‘ આત્મા ’ સાધવા માટે એમનું જીવન એક ઉત્તમ આદર્શરૂપ છે....“ આ જીવન છે તે આત્માને સાધવા માટે જ છે ”–એવી પ્રેરણા તેમના જીવનમાંથી મુમુક્ષુઓને મળે છે.

મુમુક્ષુઓને તેમનો સતત ધારાવાહી ઉપદેશ છે કે આત્માનું વાસ્તવિક સ્વરૂપ તમે ઓળખો....જડ–ચેતનની અત્યંત ભિન્નતા સમજીને, તે સંબંધમાં ચાલતી ભૂલો દૂર કરો....ને....સાક્ષાત્ સત્સમાગમે સર્વ પ્રકારના પ્રયત્નવડે સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન કરો. સમ્યગ્દર્શનનો અચિંત્ય મહિમા સમજાવીને તેના પ્રયત્ન ઉપર તેઓશ્રી જે ભાર આપે છે તે સાંભળીને મુમુક્ષુ–આત્માર્થિના ચિત્તમાંથી બીજી બધી બાબતોનો મહિમા ઊડી જાય છે ને એક સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જ તે દિનરાત ઝંખે છે. એના વગરનું બધુંય એને નિષ્ફળ ને કિંમત વગરનું લાગે છે. મોક્ષમાર્ગનો દરવાજો સમ્યગ્દર્શનદ્વારા જ ખૂલે છે....માર્ગ ભૂલેલા જીવોને આવા મોક્ષદ્વાર ખોલવાનો રસ્તો જે ગુરુએ બતાવ્યો....તે ગુરુ પ્રત્યે ઉપકાર વ્યક્ત કરવાનો અને હૃદયની ઉર્મિથી તેઓશ્રીને અભિનંદવાનો સુઅવસર પ્રાપ્ત થતાં કોને હર્ષ ન થાય? ગુરુદેવના ૭૫મા જન્મોત્સવ પ્રસંગે સૌ મુમુક્ષુઓ એ અભિનંદનની ઉર્મિઓ વ્યક્ત કરશે ને ભારતભરના મુમુક્ષુસમાજ તરફથી એક સુંદર સચિત્ર અભિનંદન ગ્રંથ પ્રસિદ્ધ થશે.

ગુરુદેવનો જન્મ સૌરાષ્ટ્રના ઉમરાળા ગામમાં વૈશાખ શુદ બીજે સં. ૧૯૪૬માં થયો. આત્મશોધક એ આત્માનું ચિત્ત સંસારમાં ચોંટતું ન હતું....૨૪ વર્ષની ઉંમરે સંસાર છોડીને સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી....ને તે સંપ્રદાયનું કડક ચારિત્ર પાળ્યું....શાસ્ત્રોનોય ઘણો અભ્યાસ કર્યો...છતાં એમના આત્માને સંતોષ ન થયો....અંતે દિગંબર જૈનધર્મનું મહા પરમાગમ સમયસાર હાથમાં આવ્યું ને તેમાં કુંદકુંદાચાર્ય જેવા પરમ દિગંબર સંતોએ નિરુપેલી સ્વાનુભૂતિદ્વારા માર્ગદર્શન મળ્યું....ને બીજા અનેક પાવન

પ્રસંગો બન્યા....સં. ૧૯૯૧માં જાહેર રીતે સંપ્રદાય–પરિવર્તન કરીને દિગંબર જૈનધર્મનો સ્વીકાર કર્યો...સમાજની પરવા કર્યા વગર પોતાના માર્ગમાં એક આત્મસાધનાને લક્ષમાં રાખીને આગળ વધ્યા....નિઃશંકતાના બીજા અનેક કારણો પણ આવી મલ્યા....

પછી તો ધીમે ધીમે સત્યના જિજ્ઞાસુ જીવો એ સંત પ્રત્યે આકર્ષાયા...ને એમની આત્મસ્પર્શી વાણી ઝીલીને પાવન થયા.....

સૌરાષ્ટ્રમાં તેમનો વિહાર થતાં એક અનોખી જાગૃતિ સમગ્ર જૈનસમાજમાં ફેલાઈ ગઈ....તેમના દ્વારા પ્રરુપેલ તત્ત્વની ચર્ચા ઠેરઠેર ચાલવા લાગી...ભગવાન સીમંધરનાથના જિનમંદિરની સ્થાપના સોનગઢમાં થઈ....ગામેગામ બીજા અનેક દિગંબર જિનમંદિરો સ્થપાયા....લાખો પુસ્તકોદ્વારા સાહિત્યપ્રચાર થયો....૪૦ ઉપરાંત કુમાર ભાઈ–બહેનોએ આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લઈને આત્મહિતના ધ્યેયને અપનાવ્યું.....ગીરનાર–શત્રુંજય વગેરે તીર્થોની યાત્રા થઈ....સમ્મેદશિખર અને બાહુબલી વગેરે તીર્થોની વિશાળ સંઘસહિત યાત્રા દ્વારા ભારતભરમાં મહાન પ્રભાવ ફેલાયો....પ્રભાવનાના અનેક અસાધારણ પ્રસંગો બન્યા....

આવા મહાન પ્રભાવશાળી કહાનગુરુદેવના ૭૫મા રત્નજયંતિમહોત્સવ પ્રસંગે સમસ્ત જૈનસમાજના અભિનંદનરૂપ જે અભિનંદનગ્રંથ બહાર પડશે તેમાં આપનો સહકાર તુરત જ મોકલી આપવા હાર્દિક નિમંત્રણ છે. આપના તરફથી શ્રદ્ધાંજલી અને પ્રસંગોચિત સાહિત્ય લેખ–કવિતા–ચિત્ર–પ્રસંગ વગેરે તુરત મોકલવા વિનંતિ છે.

સંપાદક સમિતિ

**પં. ફૂલચંદજી શાસ્ત્રી** **ખીમચંદ જે. શેઠ**

**પં. હિંમતલાલ જે. શાહ** **બ્ર. હરિલાલ જૈન**

નીચેના બેમાંથી કોઈપણ સરનામે આપનું લખાણ વગેરે મોકલાવશો–

(૧)શ્રીકાનજીસ્વામીઅભિનંદનગ્રંથસમિતિ,
C/o. દિગંબર જૈન મુમુક્ષુમંડળ
૧૭૩–૧૭૫ મુમ્બાદેવી રોડ, મુંબઈ–૨

(૨)શ્રીકાનજીસ્વામીઅભિનંદનગ્રંથસમિતિ
C/o. જૈન સ્વાધ્યાય મંદિર
સોનગઢ (સૌરાષ્ટ્ર)

[ગુરુદેવને લગતા ખાસ ફોટાઓ આપની પાસે હોય તો તે તુરત (સોનગઢ ઉપરોક્ત સરનામે) મોકલવા વિનંતિ છે જેથી તેનો ઉપયોગ કરી શકાય. જે ફોટા પાછા મંગાવવાના હોય તેની પાછળ આપનું સરનામું લખવું. અભિનંદનગ્રંથ સંબંધી સલાહસૂચનો આપ મોકલી શકો છો.]

卐

# સોનેરી સુપ્રભાત

સુપ્રભાતરૂપ સંતોનો આત્મા પોતે તો આનંદરૂપ છે,
ને બીજા જીવોને માટે પણ તે આનંદનું કારણ છે.

## ( બેસતા વર્ષનું મંગલ પ્રવચન : વીર સં. ૨૪૮૮ )

આજે બેસતું વર્ષ છે. ખરેખર તો આત્મામાં સમ્યગ્દર્શનરૂપી સુપ્રભાતનો સૂર્ય ઊગે તે પ્રથમ દરજ્જાનું સુપ્રભાત છે અને આત્માની શક્તિમાંથી અનંતચતુષ્ટય પ્રગટે.–કેવળજ્ઞાન–કેવળદર્શન–અનંતસુખ ને અનંતવીર્યરૂપ સ્વચતુષ્ટયનું પ્રગટ પરિણમન થઈને ઝળહળતું સુપ્રભાત પ્રગટે, તે ઉત્કૃષ્ટ સુપ્રભાત છે. તે મંગલપ્રભાત ઊગ્યું તે ઊગ્યું હવે કદી આથમે નહિ. બહારમાં કારતક સુદ એકમના સૂર્ય તો અનંતવાર ઊગ્યા ને પાછા આથમી ગયા પણ ચૈતન્યના અનુભવમાંથી જે અનંત ચતુષ્ટય પ્રગટયા તે સાદિઅનંત છે. સાદિઅનંત આનંદરૂપ સુપ્રભાત પ્રગટયું તે મહામંગળ છે. તેમાં સંસારરૂપી રાત્રિના અંધકારનો અભાવ છે. મિથ્યાત્વરૂપી રાત્રિનો નાશ કરીને સમ્યગ્દર્શનરૂપી સૂર્ય પ્રગટયો તે પણ મંગળ સુપ્રભાત છે.અને સંસારરૂપી રાત્રિના અંધકારનો નાશ કરીને કેવળજ્ઞાનરૂપી ઝળહળતો ચૈતન્યપ્રકાશ પ્રગટયો તે મહામંગળરૂપ છે. સમયસારમાં આવા મંગલ સુપ્રભાતનો કળશ ( ૨૬૮ મો ) છે, તેમાં કહે છે કેઃ–

આત્મામાં સુપ્રભાતનો ઉદય થયો છે–કઈ રીતે ? કે દરેક આત્મામાં કેવળજ્ઞાનાદિ સ્વભાવચતુષ્ટય શક્તિરૂપે તો ત્રિકાળ રહેલા છે, તેમાં અંતર્મુખ થતાં પર્યાયમાં કેવળજ્ઞાન આદિ સ્વચતુષ્ટયનો ઉદય થાય છે. જે પુરુષ અનેકાન્તવડે ઓળખીને અનંતધર્મસ્વરૂપ આ ચૈતન્યપિંડનો આશ્રય કરે છે તેને ચૈતન્યના વિલાસથી શોભતું અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ

વગેરે ચતુષ્ટયથી ઝળહળતું સુપ્રભાત ઉદય પામે છે. વિકાર તો અંધકાર છે ને ચૈતન્ય તો પ્રકાશ છે. આ રીતે રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાનવડે આત્મસ્વભાવની દૃષ્ટિ કરતાં અતીન્દ્રિય આનંદમય અમૃતના સ્વાદસહિત સમ્યગ્દર્શનરૂપી સુપ્રભાત ઊગે છે. જેને આવું સુપ્રભાત ઊગ્યું તેને આત્મામાંથી અનાદિના અંધારા ટળ્યા ને અપૂર્વ પ્રકાશ ખીલ્યો. **તે આત્મા પોતે તો સ્વયં આનંદરૂપ છે ને બીજા ( તેને સેવનારા ) જીવોને માટે પણ તે આનંદનું કારણ છે.**

આવું સુપ્રભાત કેમ ખીલે ? ચિદાનંદસ્વભાવનો આશ્રય ને વિભાવનો આશ્રય નહિ–એ રીતે ચૈતન્યભૂમિકાના આશ્રયે ચૈતન્યકળી ખીલીને અનંત પાંખડીથી શોભતું કેવળજ્ઞાનરૂપી કમળ ખીલી જાય છે. સમ્યગ્દર્શનરૂપી પ્રભાત પણ ચિદાનંદસ્વભાવના આશ્રયથી થાય છે ને કેવળજ્ઞાનરૂપી પ્રભાત પણ તેના જ આશ્રયથી થાય છે. આ સમ્યગ્દર્શન તેમ જ કેવળજ્ઞાન એ બન્ને આનંદમય સુપ્રભાત છે, બન્નેનો શુદ્ધપ્રકાશ અતિશય છે. અહો, જ્યાં સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનરૂપી દીવડા પ્રગટયા ત્યાં આત્મામાં દીવાળી (–દીપાવલી, એટલે કે સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયરૂપ દીપકોની હારમાળા ) પ્રગટી, ને સાદિ અનંત મંગળરૂપ નવું અપૂર્વવર્ષ બેઠું. જેને ચૈતન્યસ્વરૂપ આત્માની અનુભૂતિ પ્રગટી તે જીવ મોક્ષની નજીક આવ્યો ને તેને ખરું સુપ્રભાત ઊગ્યું.

વળી ચૈતન્યતત્ત્વ અનંત આનંદરસથી–ચૈતન્યરસથી ભરેલું છે, તેના આશ્રયે જે સુપ્રભાત ખીલ્યું તે આનંદમાં સુસ્થિત છે, ભગવાન આત્મા આનંદના અનુભવમાં સ્થિર થયો છે. આનંદનો સ્વાદ લેવામાં લયલીન થઈને ઠર્યો છે. જે આવી દશા પ્રગટી તે સદાય અસ્ખલિત છે, તેમાં કર્મ વગેરેની કોઈ બાધા નથી, તેમાં ફરીને સ્ખલના નથી, વિઘ્ન નથી, ભંગ નથી. ચૈતન્યના આશ્રયે પ્રગટેલું તે સુપ્રભાત ચૈતન્યની સાથે જ સદાય અસ્ખલિતપણે ટકી રહેશે. તેના પ્રકાશને કોઈ રોકી શકે નહિ; તેમાં વિકારનું કોઈ કલંક નથી ને કર્મનું કોઈ આવરણ નથી; એકલા શુદ્ધ આનંદથી તે ભરપૂર છે. આત્મામાં જ્યાં આવું અપૂર્વ વર્ષ બેઠું, અપૂર્વ પર્યાય ખીલી, ત્યાં તે આનંદના અનુભવરૂપી લાપશીનાં ભોજન કરે છે. લ્યો, આ નવા વરસની લાપસી પીરસાય છે. સુપ્રભાત એટલે સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીની પર્યાયરૂપી સુપ્રભાત છે તે અતીન્દ્રિય આનંદના અનુભવથી ભરેલું છે. **સમ્યગ્દર્શન પણ અતીન્દ્રિય આનંદથી ભરેલું છે** ને કેવળજ્ઞાન પૂર્ણ આનંદથી ભરપૂર છે. અહા, અસંખ્યપ્રદેશે આનંદમય ચૈતન્યદીવડાથી ભગવાન આત્મા ઝળહળી ઊઠયો–શોભી ઊઠયો તે મંગલ પ્રભાત છે. તેનો પ્રકાશ હવે કોઈથી ડગે નહિ, તેથી તેની જ્યોત

અચલ છે. કેવળજ્ઞાનની કે સમ્યગ્દર્શનની જ્યોતિ અચલ છે. આ રીતે ચૈતન્યમાં સ્થિર થઈને સ્વવીર્યથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની રચના કરીને ભગવાન આત્મા સાદિ અનંત સુપ્રભાતપણે શોભે છે. તે અપૂર્વ માંગળિક છે.

અનેકાન્તદ્રષ્ટિ વડે ચિદાનંદસ્વભાવનો જેણે નિર્ણય કર્યો તેને સ્વસન્મુખતામાં ચૈતન્યના જ્ઞાનાનંદથી વિલસતું, શુદ્ધ પ્રકાશથી શોભતું, આનંદમય સુપ્રભાત ખીલે છે. અહા, જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખીને તેમાં જેણે પ્રવૃત્તિ કરી અને પરભાવોથી નિવૃત્તિ કરી–એ રીતે ચૈતન્યભૂમિકાનો આશ્રય કર્યો તેને સમ્યક્ શ્રદ્ધા જ્ઞાન આનંદ અને વીર્યથી ઝળહળતું મંગલ–પ્રભાત ઊગ્યું....આત્મામાં આ પ્રભાત ઊગ્યું તે ઊગ્યું. હવે ફરીને કદી તે આથમશે નહિ; તેના વિકાસને કોઈ રોકી શકે નહીં.

અહા, આવું સુપ્રભાત ખીલવનારા સંતો, જંગલમાં બેઠાબેઠા કેવળજ્ઞાન–ખજાનાને શોધવામાં મસ્ત, અંદરમાં ઊંડા ઊંડા ઊતરીને આનંદના દરિયામાં મગ્ન હોય.... તેને જોતાં ચક્રવર્તી જેવાને પણ એમ થાય કે વાહ! પ્રભો, આપ ચૈતન્યને સાધી રહ્યા છો...હમણાં આપનો આત્મા અનંત ચતુષ્ટયરૂપ સાધ્યને પ્રગટાવી સુપ્રભાતપણે ઝળહળી ઊઠશે.–એમ કહીને એનાં ચરણોમાં ચક્રવર્તી પણ શીર ઝૂકાવે છે.

ચૈતન્યસ્વભાવની અંતર્મુખ થઇને જે શ્રદ્ધા કરશે તેને અલ્પકાળમાં કેવળજ્ઞાનપ્રકાશથી ઝળકતું સુપ્રભાત પૂર્ણપણે ખીલી જશે એવા સંતોના આશીર્વાદ છે. આ રીતે બેસતા વર્ષનું માંગલિક કર્યું.

(સમયસાર કળશ ૨૬૮ના પ્રવચનમાંથી)

卐

* જિનેન્દ્રદેવનો જન્મ જગતને માટે આનંદકારી છે.
* બધા પદાર્થો કરતાં આત્મા જ ઉત્તમ અર્થ છે.
* બધાં કાર્યો કરતાં આત્માની આરાધના એ જ ઉત્તમ કાર્ય છે.

* * *

* ધર્મ આનંદરૂપ છે ને ધર્મપરિણત ધર્માત્માનો સ્વભાવ પણ જગતને આનંદ દેવાનો છે.

# ગુરુદેવ સાથે સિદ્ધિધામની યાત્રા

## એ મંગલ તીર્થયાત્રાના મધુરસ્મરણોની થોડીક પ્રસાદી

"અનંતા તીર્થંકરો અને સંત–મુનિવરો રત્નત્રયરૂપ તીર્થની આરાધના વડે સંસારને તરીને અહીંથી મોક્ષ પામ્યા છે; તેથી આ સમ્મેદશિખરજી મંગલતીર્થ છે. જાુઓ અહીંથી ઉપર અનંત સિદ્ધભગવંતો બિરાજે છે. આત્માનો જ્ઞાન–આનંદ સ્વભાવ જે ભાવથી પ્રગટયો તે સમ્યગ્દર્શનાદિ ભાવ પણ મંગળ છે. 'ધવલા' ટીકામાં શ્રી વીરસેનાચાર્ય કહે છે કે ભવિષ્યમાં મોક્ષ પામનાર આત્મદ્રવ્ય પણ ત્રિકાળ મંગળ છે, અલ્પકાળમાં થનાર કેવળજ્ઞાનાદિ મંગળપર્યાય સાથે તે સંકળાયેલું છે; અને જે કાળે આત્મા મુક્તિ પામ્યો કે મુક્તિનો માર્ગ પામ્યો તે કાળ પણ મંગળ છે. જેણે આત્માના જ્ઞાનાનંદસ્વભાવની પ્રતીત કરીને પોતાના આત્મામાં સમ્યગ્દર્શન–જ્ઞાનરૂપ મંગળ પ્રગટ કર્યું તે જીવ ભગવાનને પણ પોતાના મંગળનું કારણ કહે છે, ને ભગવાન જ્યાંથી મોક્ષ પધાર્યા એવા આ સમ્મેદશિખરજી વગેરે તીર્થધામને પણ તે મંગળ કહે છે. આવી નિર્વાણભૂમિ જોતાં તેને મોક્ષતત્ત્વનું સ્મરણ થાય છે; એટલે મોક્ષતત્ત્વની પ્રતીતમાં અને સ્મરણમાં આ ભૂમિ નિમિત્ત છે તેથી આ ભૂમિ પણ મંગળરૂપ તીર્થ છે. તેની યાત્રા માટે અહીં આવ્યા છીએ. આ રીતે દ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવ સર્વ પ્રકારે માંગળિક કર્યું."

તીર્થધામમાં આવું ઉલ્લાસભર્યું માંગળિક સાંભળીને સૌને ઘણો આનંદ થયો હતો. ગુરુદેવ આ તીર્થધામમાં પધારતાં અહીંનું આખું વાતાવરણ ઘણું ઉમંગભર્યું ને પ્રફુલ્લતામય લાગતું હતું; ઇષ્ટધામમાં આવ્યાનો સૌને સંતોષ હતો. ધર્મપિતાના ધામમાં ધર્માત્માઓને આનંદથી વિચરતા દેખીને જિજ્ઞાસુ ભક્તોનાં હૃદય ઉલ્લસતા હતા. અહીં યાત્રા સંઘમાં ૧૫૦૦ જેટલા યાત્રિકો થઇ ગયા હતા, ને બીજા યાત્રિકો પણ બે હજાર જેટલા હતા. ગુરુદેવ સાથે આ શાશ્વત સિદ્ધિધામને ભેટવા સૌનાં હૃદય આતુર થઇ રહ્યા હતાં. ક્યારે સિદ્ધિધામને ભેટીએ! ને ક્યારે ગુરુદેવ સાથે યાત્રા કરીને સિદ્ધિધામના વૈભવને દેખીએ! એમ સૌ ભાવના ભાવી રહ્યા હતા. સિદ્ધક્ષેત્રમાં ડગલે ને પગલે સિદ્ધોનું ને સાધક સંતોનું સ્મરણ થતું હતું. સિદ્ધનું સ્મરણ સંસારને ભૂલાવી દે છે, તેમ સિદ્ધિધામમાં પહોંચેલા યાત્રિકો સંસારના વાતાવરણને ભૂલી ગયા હતા. જેમ સિદ્ધપદ પામ્યા પહેલાં પણ સાધકને તેનો આનંદ હોય છે તેમ સિદ્ધિધામની યાત્રા કર્યા પહેલાં પણ તેની છાયામાં યાત્રિકોને યાત્રા જેવો આનંદ થતો હતો. ખરેખર તો યાત્રાની શરૂઆત પર્વત ઉપર ચડીએ ત્યારે

નહીં પરંતુ યાત્રાનો સંકલ્પ કરીને ઘરેથી નીકળ્યા ત્યારથી જ યાત્રાની શરૂઆત થઇ ગઇ; ને પર્વત પર પહોંચ્યા ત્યારે તો એ સંકલ્પનું ફળ આવ્યું,-જેમ યથાર્થ નિર્ણયનું ફળ અનુભવ આવે છે તેમ.

અહા! સિદ્ધિધામને ભેટવાની કહાનગુરુદેવની ભાવના આજે પૂરી થાય છે. ગુરુદેવ સાથે સમ્મેદશિખરજી શાશ્વત સિદ્ધિધામની યાત્રા કરવાની હજારો યાત્રિકોની ભાવના આજે ઉલ્લાસપૂર્વક પૂરી થાય છે. મંગળ તીર્થયાત્રાનો આ પવિત્ર પ્રસંગ જીવનમાં સિદ્ધિપંથ પ્રત્યેની પુનિત પ્રેરણા સદાય આપ્યા કરો.

સેંકડો-હજારો જયજયકાર સહિત ને પંચપરમેષ્ઠીના નમોક્કારમંત્રના સ્મરણસહિત આનંદભરેલા વાતાવરણમાં ગુરુદેવે સિદ્ધિધામની યાત્રાનો મંગલ પ્રારંભ કર્યો. સિદ્ધિધામ પ્રત્યે પહેલું પગલું મુકતાં જ અનેરો આહ્લાદ જાગે છે....રોમેરોમમાં કોઇ નવો જ ઝણઝણાટ વ્યાપી જાય છે. નૂતન સમકિતી જેમ ચૈતન્યને ભેટે ને આનંદિત થાય તેમ ગુરુદેવ એ તીર્થને ભેટયા ને આનંદિત થયા. ગુરુદેવના પગલે પગલે ચાલી રહેલા યાત્રિકોને પણ આજે અનેરો હર્ષ હતો. પહાડ ચડવાના પ્રારંભે જાણે પરાક્રમનો કોઇ નવો જ યુગ પ્રારંભાયો હતો. સિદ્ધો અને સાધકોનું સ્મરણ થતું હતું, પંચ પરમેષ્ઠી પ્રત્યે પ્રણમન થતું હતું, રત્નત્રયની ભાવનાઓ જાગતી હતી. આવી ભાવનાસહિત ગુરુદેવ સાથે સિદ્ધોને હૃદયમાં સ્થાપીને સિદ્ધિધામ પ્રત્યે પગલાં માંડયા. અહો સિદ્ધભગવંતો! મારા ગુરુદેવ સાથે તમારા પવિત્રધામ પ્રત્યે મેં પ્રસ્થાન કર્યું. પગલે પગલે પ્રભુજીનું સ્મરણ થાય છે, ને હૃદયમાં એવી ઝણઝણાટી જાગે છે....જાણે કે સિદ્ધભગવાનને દેખીને પ્રદેશે પ્રદેશેથી કર્મો ખરી રહ્યા હોય! જીવનનો આ પવિત્ર પ્રસંગ મુમુક્ષુહૈયામાં કોતરાઇ ગયો છે.

જેમ મોક્ષમાર્ગના પથિકને પર્યાયે પર્યાયે નવીન આનંદની સ્ફુરણા થાય છે તેમ સિદ્ધિધામના યાત્રિકોને પગલે પગલે નવીન હર્ષની ઉર્મિઓ જાગે છે. જેમ જેમ શાશ્વત તીર્થનું આરોહણ કરીએ છીએ તેમ તેમ ગુરુદેવ બધાના હૃદયમાં આનંદ કરાવે છે. જરાક ચાલતાં વનરાજી શરૂ થાય છે. આખોય સમ્મેદશિખર પર્વત અતિશય ગીચ મનોહર વનરાજીથી છવાયેલો છે. અહા, મુનિવરોએ જેની વચ્ચે બેસીને આત્મસાધના કરી એવી આ વનરાજી બહુ જ શોભી રહી છે. સુંદર વનરાજીનાં આ અદ્ભુત દ્રશ્યો! સુંદર ઝાડ-પાન ને પુષ્પોથી ખીલેલું એ વન-જાણે મુનિદર્શનની પ્રસન્નતા હજીયે અનુભવી રહ્યું હોય એવું પ્રફુલ્લ લાગે છે. એ પ્રફુલ્લિત વનરાજી વચ્ચેથી પસાર થતી વખતે હૃદયમાં વનવાસી દિગંબર મહામુનિઓ, સ્વરૂપમાં ઝૂલતા એ સંતો, જ્યારે અહીં વિચરતા હતા એ દ્રશ્ય ખડું થાય છે, ને મુમુક્ષુહૃદયમાં એ દશાની ભાવના જાગે છે. જેમ સુપ્રભાતમાં કમળ ખીલે તેમ આ વનમાં જ્ઞાનીઓનાં હૃદય-

કમળ સંયમભાવનાથી ખીલી ઊઠે છે. તીર્થંકર–મુનિવરોના પ્રતાપે સમ્મેદશિખરજી પહાડ તો શોભિત ને પૂજિત છે, પરંતુ તેના ઉપરનું એકેક વૃક્ષ, તેનાં પુષ્પ ને પાંદડાં પણ કેવા સુંદર શોભી રહ્યા છે! અને અહીં વિચરનારા સંતોના હૃદયમાં ખીલેલી રત્નત્રયપરિણતિની તો શી વાત! અહો, ગીચ વનમાં ગુપ્તપણે રત્નત્રયના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા એ સન્તો!


અહા, આ યાત્રાસંઘમાં ગુરુદેવના ભાવોની શી વાત! ગુરુદેવ અપૂર્વ ભાવે સિદ્ધિધામને નીહાળી રહ્યા છે ને યાત્રિકોમાં કાલીઘેલી ભક્તિ અને ઉમંગ દેખીને પોતે પણ પ્રસન્ન થાય છે; વારંવાર કહે છે કે આપણે તો પહેલીવહેલી યાત્રા છે. સિદ્ધિધામનું અને સિદ્ધપદસાધકસંતોનું આ મિલન કોઇ અનેરું પ્રેરણાદાયી છે. જેમ સિદ્ધસ્વરૂપના સાક્ષાત્કારથી સાધક પરમ આનંદિત થાય તેમ અહીં સિદ્ધિધામના સાક્ષાત્કારથી સાધકોનું હૃદય પરમ આહ્લાદિત થાય છે.

જેમ જીવનની કોઇ વિરલક્ષણે થયેલું ચૈતન્યવેદન ધર્માત્માને જીવનમાં કદી ભૂલાતું નથી ને જ્યારે જ્યારે યાદ કરે ત્યારે ત્યારે તેને પ્રમોદિત કરે છે, તેમ જીવનમાં પ્રાપ્ત થયેલ આ મંગલયાત્રાનો વિરલ પ્રસંગ મુમુક્ષુને જીવનમાં કદી ભૂલાશે નહિ, ને જ્યારે જ્યારે યાદ કરે ત્યારે ત્યારે તેને પ્રમોદિત કરશે.

અહીં દુનિયા દેખાતી નથી, સંસાર યાદ આવતો નથી; બસ, હૃદયમાં એક વહાલા સિદ્ધ ભગવાન જ બિરાજે છે,–ક્યારે પ્રભુજીને ભેટીએ! ક્યારે સિદ્ધ થઇએ! સંતોની આરાધનાના આ ધામમાં આરાધક સંતોની સાથે વિચરતાં આરાધના માટેની ભાવનાઓ સેવાય છે. ખરેખર, આરાધના માટે જીવન વીતે એ જ ખરું જીવન છે.

જ્ઞાનીઓ સાથેની તીર્થયાત્રાની બલિહારી છે. એક તો જ્ઞાનીનો આત્મા સ્વયં તીર્થ છે, ને વળી તેમની સાથે ભારતના સર્વોત્કૃષ્ટ તીર્થધામની યાત્રા થાય છે,–એવી આ મંગળ તીર્થયાત્રાના આનંદની શી વાત!!

'**સમ્મેદશિખર**!' જેનાં દર્શન કરતાં અનંત સિદ્ધભગવંતોનું સ્મરણ થાય....ને સિદ્ધપદને સાધનારા તીર્થંકરો તથા સંતોના સમૂહ સ્મૃતિસમક્ષ તરવરતો થકો આપણને મોક્ષમાર્ગની પ્રેરણા જગાડે.....એવા આ સિદ્ધિધામની યાત્રા તે મુમુક્ષુજીવનનો એક આનંદપ્રસંગ છે. રત્નત્રયતીર્થના પ્રવર્તક તીર્થંકરો અને તેને સાધનારા સન્તો આ ભૂમિમાં વિચર્યા; એ તીર્થસ્વરૂપ સન્તોના પવિત્ર ચરણના પ્રતાપે આ ભૂમિનો રજકણેરજકણ પાવનતીર્થ તરીકે જગતમાં પૂજ્ય બન્યો. આવી ભારતની આ શાશ્વત તીર્થભૂમિની મંગલયાત્રા કરવા માટે તલસી રહેલા ભક્તોના હૃદય આજે તૃપ્ત થતા હતા.



યાત્રિકો હોંસે હોંસે પર્વત ચડી રહ્યા છે....જેમ પોતાનું પરમ ઇષ્ટ પરમ વહાલું એવું સિદ્ધપદ સાધતાં સાધકને થાક નથી લાગતો, ઉલટો આનંદ વધતો જાય છે, તેમ સિદ્ધિધામ તરફ જવા માટે પહાડ ચડતાં ચડતાં યાત્રિકોને થાક નથી લાગતો પણ ઉલટો ઉત્સાહ વધતો જાય છે. લગભગ સાડા પાંચ વાગે થોડો થોડો પ્રકાશ થયો. હજી પહેલી ટૂંક આવવાને થોડી વાર હતી, ત્યાં દૂરદૂર એક ટૂંકના દર્શન થયા. એને જોતાં જ ગુરુદેવ કહે–જુઓ, એ....ટૂંક દેખાય! ટૂંકના દર્શન થતાં યાત્રિકો હર્ષોલ્લાસમાં આવી ગયા. જેમ ચંદ્રને દેખીને દરિયો ઉલ્લસે તેમ તીર્થધામની ટૂંકના દર્શનથી તેને ભેટવા ભક્તહૃદયમાં હર્ષનો દરિયો ઉલ્લસવા લાગ્યો. દૂરદૂરથી દેખાતી એ સૌથી ઊંચી ‘સુવર્ણભદ્ર’ ટૂંક હતી. પારસનાથની એ સૌથી ઊંચી ટૂંકના દર્શન થતાં સૌએ લળીલળીને આખા શિખરજી તીર્થને ભક્તિથી વંદન કર્યા અને જયઘોષપૂર્વક પહેલી ટૂંકે પહોંચવા ઝડપથી આરોહણ કર્યું. જેમ દર્શનસહિતના પુરુષાર્થમાં જુદું જ જોર હોય છે તેમ ટૂંકના દર્શન પછી યાત્રિકોના આરોહણમાં જુદું જ જોર આવ્યું....ને થોડી જ વારમાં પહેલી ટૂંકે આવી પહોંચ્યા.

**“ચૈતન્યસ્વભાવ સહજ છે....એનાં મૂળ ઊંડા છે....મેરુ પર્વત ડગે પણ એ સ્વભાવ ન ડગે. સ્વભાવના મૂળ ઊંડા છે. વિભાવના મૂળ ઊંડા નથી, એને ઉખેડવા માંગે તો તે ઉખડી શકે છે.”**

卐

# વૈ....રા....ગ્ય....સ....મા....ચા....ર

આ અધ્રુવ સંસારમાં જીવને પોતાના ચિદાનંદ સ્વભાવ સિવાય બીજું કાંઇ શરણ નથી....શરીરાદિનો સંયોગ અધ્રુવ અને અશરણ છે. મધદરિયા વચ્ચેનું વહાણ–કે જ્યાં ચારે કોર અગાધ પાણી ને ઉપર નિરાલંબી આકાશ સિવાય બીજું કાંઇ નથી, એવા વહાણમાં બેઠેલા પંખીની જેમ વહાણ સિવાય બીજાું કોઇ શરણ નથી, તેમ આ સંસાર સમુદ્રમાં જીવને પોતાના ચિદાનંદસ્વભાવ સિવાય બીજું કાંઇ શરણ નથી. સંસારની પરિસ્થિતિ મુમુક્ષુ વિચારવાનને ડગલે ને પગલે વૈરાગ્ય ઉપજાવે છે. તેમાં દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મસ્વભાવની ઉપાસના સદૈવ કર્તવ્ય છે.

* રાજકોટના શેઠશ્રી મૂળજીભાઈ ચત્રભુજ લાખાણી તા. ૮–૧૧–૬૩ ના રોજ ૮૧ વર્ષની વયે હૃદયરોગના હૂમલાથી રાજકોટમાં સ્વર્ગવાસ પામી ગયા. સ્વર્ગવાસના દિવસે સવારમાંથી જ તેમને લાગતું હતું કે આજે મારી તબીયત બરાબર નથી ને આજે છેલ્લો દિવસ છે....તેમના કુટુંબીજનોએ ડોકટરને બોલાવવાની વાત કરી, તો તેમણે કહ્યું કે હવે દાક્તર શું કરશે? એને બદલે લાલુભાઈને બોલાવો! લાલુભાઈ આવતા તેમણે ધાર્મિક વાતચીત પ્રેમથી સાંભળી, ને કહ્યું કે આજે દેહની છેલ્લી સ્થિતિ લાગે છે. તેમને રાજકોટના માનસ્તંભ અને સમવસરણ માટેની ભાવના ઘૂંટાતી હતી. તેને માટે પોતે અગાઉ જે ૪૦,૦૦૦ (ચાલીસ હજાર)રૂા. નોંધાવેલા તેમાં આ પ્રસંગે દસ હજાર ઉમેરીને સવાયા કરવાનું તેમણે જાહેર કર્યું. અને કુટુંબ કે ધંધા વગેરેની લાગણીને એકકોર મૂકીને તેમણે ધર્મભાવનામાં મન પરોવ્યું. લગભગ છેલ્લી ઘડી સુધી વાતચીત કરતાં કરતાં ને ધર્મશ્રવણ કરતાં કરતાં બપોરે તેઓ દેહ છોડીને સ્વર્ગસ્થ થયા. તેઓ રાજકોટ મુમુક્ષુમંડળના મુખ્ય આગેવાન હતા. રાજકોટ મુમુક્ષુ મંડળના વિકાસમાં તેમનો અને તેમના કુટુંબનો ઘણો મહત્વનો ફાળો છે. તેમનું આખું કુટુંબ ધર્મનો સારો પ્રેમ ધરાવે છે. તેમના સ્વર્ગવાસથી રાજકોટને એક કુશળ આગેવાનની મોટી ખોટ પડી છે. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો જ ભક્તિભાવ હતો. એક વર્ષ પહેલાં જ્યારે ગુરુદેવ રાજકોટથી સોનગઢ પધાર્યા ત્યારે ગુરુદેવ સાથે મોટરમાં તેઓ સાથે હતા ને ઘણી પ્રમોદભરી વાતચીત કરી હતી. તેઓ ધર્મભાવનાના સંસ્કાર બળે આગળ વધીને આત્મહિત સાધે–એ જ ભાવના.

* સોનગઢમાં ભાઈશ્રી હીરાચંદ કશળચંદ (માસ્તર સાહેબ) આસો વદ ૧૧ તા. ૧૧–૧૧–૬૩ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ છેલ્લા કેટલાક વખતથી બિમાર હતા; તેમની ખાસ ભાવનાથી ગુરુદેવ રોજ તેમને દર્શન દેવા પધારતા, ને તે પ્રસંગે વૈરાગ્યભર્યા વચનો સંભળાવતા. તે સાંભળીને તેમને ઉત્સાહ આવતો. સ્વર્ગવાસના દિવસે બપોરે તેમની સ્થિતિ ગંભીર લાગતાં પ્રવચન પછી ગુરુદેવ ત્યાં પધાર્યા હતા ને "શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન...." વગેરે સંભળાવ્યું હતું....મુમુક્ષુમંડળના ઘણા ખરા ભાઈ–બેનો પણ આ પ્રસંગે ત્યાં ઉપસ્થિત હતા ને વૈરાગ્યભર્યા વાતાવરણમાં આત્મ–

સિદ્ધિ વગેરે ગાથાઓ બોલતા હતા. પૂ. બેનશ્રીબેન પણ વૈરાગ્યપ્રેરક પદ બોલતા હતા. આ રીતે થોડોક ટાઇમ ચાલ્યા બાદ લગભગ ચાર વાગે માસ્તર સાહેબ હીરાચંદભાઈ પૂ. ગુરુદેવની ઉપસ્થિતિમાં સ્વર્ગવાસ પામી ગયા હતા. તેઓ ભાગ્યશાળી કે છેલ્લી સ્થિતિમાં પણ ગુરુદેવની વાણી અને દર્શનનો લાભ મળ્યા કર્યો. તેઓને શિક્ષણવર્ગનો ખાસ રસ હતો, શિક્ષણવર્ગમાં પ્રશ્નોત્તર દ્વારા શિખવવાની તેમની શૈલિ સૌને ગમતી. પૂ. ગુરુદેવના પરિચયમાં તેઓ ઘણા વર્ષોથી આવ્યા હતા ને છેલ્લા અનેક વર્ષોથી નિવૃત્ત જીવન ગાળીને સોનગઢમાં જ રહીને શ્રવણ-વાંચન કરતા, ને પોતાના કુટુંબમાં સૌને ધાર્મિક સંસ્કારનું સીંચન કરતા. તેમના સુપુત્ર શ્રી રતિલાલભાઈ સોનગઢ હાઇસ્કુલમાં હેડમાસ્તર છે. સ્વર્ગસ્થ હીરાચંદભાઈ માસ્તર સાહેબનો આત્મા તત્ત્વજ્ઞાનના રસમાં આગળ વધીને દેવગુરુધર્મના પ્રતાપે આત્મહિત સાધે-એ જ ભાવના.

* ખંડવા શહેરમાં શેઠશ્રી પ્રેમચંદજીના ધર્મ પત્ની શ્રી માણેકબેન તા. ૨૦-૧૧-૬૩ના રોજ હાર્ટફેઇલથી આકસ્મિક સ્વર્ગવાસ પામી ગયા....હજી આ દિવસે સવારમાં તો તેઓ જિનમંદિર ગયેલા, ત્યાંથી આવીને પોન્નૂરની તીર્થયાત્રામાં આવવા માટે નક્કી કરીને યાત્રા સંઘનું ફોર્મ ભરવાની વાત કરી, પછી રસોઇ પણ બનાવી....ને ૧૨ વાગતાં છાતીમાં સહેજ દુખાવો થઇને હાર્ટફેઇલથી તેઓ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ ડો. ધરમચંદજીના ભાભી થાય; તેમની એક પુત્રી ( ચંદ્રિકાબહેન ) સોનગઢ આશ્રમમાં રહે છે. તેમનું આખુંય કુટુંબ ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ ધરાવે છે. થોડા મહિના પહેલાં જ ગુરુદેવ ખંડવા પધારેલા ત્યારે તેમના ઘરે જ ગુરુદેવનો ઉતારો હતો ને તેમને ત્યાં આહારદાનનો લાભ મળેલો. તે પ્રસંગે તેમને ઘણો ઉલ્લાસ હતો. સ્વર્ગસ્થ આત્માના તીર્થયાત્રાના મનોરથ સફળ થાઓ અને ધર્મપ્રેમમાં આગળ વધીને આત્મહિત પામો-એ જ ભાવના.

* લીંબડી શહેરમાં તા. ૧૯-૧૧-૬૩ ના રોજ શ્રી મનસુખલાલ ગુલાબચંદ દફતરીના ધર્મપત્ની શ્રી દીવાળીબેન સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ગુરુદેવ પ્રત્યે ભક્તિ ધરાવતા હતા ને પોતાના ગામમાં જિનમંદિરની સ્થાપના થતાં તેમને ઘણો હર્ષ થયો હતો. તેઓ દેવ-ગુરુના પ્રતાપે આત્મહિત પામો-એ જ ભાવના.

* અમરેલીના વયોવૃદ્ધ ભાઈશ્રી તારાચંદ ત્રિભોવનદાસ કામદાર શ્રાવણ સુદ ૧૩ના રોજ સોનગઢમાં સ્વર્ગવાસ પામી ગયા. તેમની ઉમર ૯૧ વર્ષની હતી; સોનગઢના મંડળમાં તેઓ સૌથી વયોવૃદ્ધ હતા. ઘણા વર્ષોથી તેઓ સોનગઢમાં જ રહેતા અને વયોવૃદ્ધ અવસ્થા હોવા છતાં ગુરુદેવના પ્રવચનનો લાભ લેતા હતા. તેઓ ધર્મ સંસ્કારમાં આગળ વધીને આત્મહિત સાધે એ જ ભાવના.


વિશ્વને વૈરાગ્યનો સન્દેશો આપીને અડગપણે ચિદાનંદસ્વરૂપની સાધના કરવાનું દર્શાવી રહેલા આ બાહુબલી ભગવાનનું દર્શન એ જીવનનું એક સોનેરી સંભારણું છે.

ફરીને થોડા જ વખતમાં આ વૈરાગ્યમૂર્તિના દર્શન થશે.



***

કહાનગુરુને પરમ પ્રિય એવા પોન્નૂર તીર્થ પર સ્થિત કુંદકુંદ પ્રભુના આ પવિત્ર ચરણકમળને સ્પર્શવાનું મહાભાગ્ય ફરીને પ્રાપ્ત થશે.



***

" ATMDHARM " Reg. no. G. 82

## " આત્મધર્મ " ( માસિક )

આપણું " આત્મધર્મ " માસિક વીસ વર્ષ પૂરા કરીને એકવીસમા વર્ષનો શુભ પ્રારંભ કરી રહ્યું છે. આ પ્રસંગે પંચપરમેષ્ઠી ભગવંતોને, સર્વ ઉપકારી સન્તોને અને શ્રુત દેવીમાતાને ભક્તિ–વિનયથી પ્રણમન કરીએ છીએ. અને સર્વ વડિલો તથા સાધર્મી પાઠકબન્ધુઓ પાસે વાત્સલ્યભર્યા સહકારની આશા રાખીએ છીએ.

" આત્મધર્મ " શુદ્ધ આધ્યાત્મિક પત્ર છે....જીવોમાં આત્માર્થિતા જાગે અને એ આત્માર્થિતાને પોષણ મળે–તે આ માસિકનો ઉદ્દેશ છે. એ ઉદ્દેશને અનુલક્ષીને આત્મધર્મનું લેખન–સંપાદન કરવાનો પ્રયત્ન થાય છે.

પૂ. ગુરુદેવ હંમેશા જે આત્માર્થપોષક ઉપદેશ આપી રહ્યા છે તેમાંથી દોહન કરીને આત્મધર્મમાં આપવામાં આવે છે, એ રીતે આ " આત્મધર્મ " ગુરુદેવના અધ્યાત્મસન્દેશને ઘેરઘેર પહોંચાડે છે.–આપના ઘરે પણ જરૂર એ સન્દેશ પહોંચતો હશે;–નહિતર આજે જ ગ્રાહક બનીને આપ એ પાવન સન્દેશ મેળવશો. વાર્ષિક લવાજમ ચાર રૂપીઆ છે.

ગયા વર્ષે પ્રસિદ્ધ થયેલા કેટલાક ખાસ અંકો ખલાસ થઇ જવાથી પાછળથી સેંકડો ગ્રાહકોએ તે અંક વગર નિરાશ થવું પડયું હતું. આ વર્ષે ગુરુદેવની દક્ષિણદેશમાં–પોન્નૂર અને બાહુબલી જેવા તીર્થધામોની યાત્રા, ગુજરાત–સૌરાષ્ટ્રના અનેક પ્રસંગો, મુંબઇનગરીનો( દાદર–જિનમંદિરનો ) અનેરો મહોત્સવ અને ગુરુદેવની ૭૫મી જન્મજયંતિનો રજતજયંતિમહોત્સવ–એવા એવા અનેક પ્રભાવશાળી પ્રસંગોના સચિત્ર અહેવાલ અને બીજા અનેક વિષયોનું મહત્વનું સાહિત્ય લઇને આત્મધર્મ આવશે–તે મેળવવા શરૂઆતથી જ ગ્રાહક થઇ જવું ઉત્તમ છે. ગ્રાહકોને આ વર્ષે એક સરસ ભેટપુસ્તક પણ આપવાનો વિચાર છે.

આપનું અને આપના સ્નેહી જિજ્ઞાસુઓનું લવાજમ તુરત મોકલીને ' આત્મધર્મ ' વહેલાસર મેળવો. હજી V.P. શરૂ થયા નથી. V.P. ની રાહ જોવાથી એકાદ મહિનો મોડું થવા સંભવ છે, ને V.P. માં ૮૧ N.P. નું વધુ ખર્ચ આવે છે તથા કાર્યાલયને પણ વ્યવસ્થા બાબતમાં મુશ્કેલી પડે છે. V.P. તા. ૧૫–૧૨–૬૩ પછી શરૂ થશે. તો V.P. શરૂ થયા પહેલાં જ આપના લવાજમની સૂચના મોકલી દેવા વિનંતિ છે. સરનામું– **જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ** ( સૌરાષ્ટ્ર )

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર